અધ્યાત્મ

આધ્યાત્મિક વિકાસની નવી જ ક્ષિતિજ ખોલતું ગુજરાતી માસિક

છૂટક નકલ ૮-૦૦ વાર્ષિક લવાજમ દેશમાં રૂા. **૨૫/—** આજીવન **૨૫૧/—**
વિદેશમાં વાર્ષિક રૂા. **૧૬૫૦/—** (વિમાનથી) આજીવન **૧૬,૫૦૦/—**

- **સંસ્થાપક : પ. પૂ. યોગેશ્વરજી** સર્વમંગલ ચે. ટ્રસ્ટ સ્વર્ગારોહણ, દાતારોડ, **અંબાજી,** ૩૮૫૧૧૦).
- **તંત્રી—સંપાદક** : શ્રી નારાયણ હ. જાની.
- **પ્રકાશન અને પ્રાપ્તિસ્થાન** : ૬ વૃંદાવન ફલેટસ, હવેલી પાસે આતાભાઈ ભાવનગર—૩૬૪૦૦૨ ફોન : **(૦૨૭૮) ૨૫૭૨૫૦૨, ૨૫૬૫૮૧૧**
- ADHYATMA email Addres: avgohil1@gmail.com
- You can know about Shree Mahatmaji & Shree Maa from Website “SWARGAROHAN.ORG”
- **અધ્યાત્મના સહાયક સ્વજનો** : ૧. શ્રીપિનાકીન ના. જાની ૨. શ્રી આશીષ ગોહિલ ૩. શ્રીગોરધનભાઈ કલોલા (કલ્યાણ) ૪. શ્રી જ્યોત્સ્નાબેન બી.ત્રિવેદી.
- **તંત્રી, મુદ્રક અને પ્રકાશક** : નારાયણ હ. જાની.
- **મુદ્રણસ્થાન** : રાધેશ્યામ પ્રિન્ટીંગ પ્રેસ, LIG167, આનંદનગર, ભાવનગર-૫

★ લેખકોને નિમંત્રણ ★

- અધ્યાત્મમાં લેખો, ભજનો કે ગીતો મોકલાવવા લેખકોને નિમંત્રણ છે. અધ્યાત્મની ભાવનાને અનુરૂપ જ લેખો સ્વીકારવામાં આવશે.
- લખાણ કાગળની એક બાજુ ને સારા મોટા અક્ષરે લખેલું હોવું જરૂરી છે.

★ અધ્યાત્મ અંગે સૂચનો ★

- ગ્રાહકોને ગ્રાહક નંબર સરનામા સાથે લખવામાં આવે છે તે નોંધી લેવો.
- ‘અધ્યાત્મ’ જો આપને ગમ્યું હોય તો આપના પરિચિત વર્ગમાં તેના ગ્રાહકો વધે તેવું આપ કરતાં રહેશો.
- લવાજમ માટે મનીઓર્ડર, ડીમાન્ડ ડ્રાફ્ટ ‘સર્વમંગલ ચેરિટેબલ ટ્રસ્ટ’ના નામનો શ્રીનારાયણ હ. જાની, ૬ વૃન્દાવન ફ્લેટ, હવેલી પાસે, આતાભાઈ, ભાવનગર(ફોન-૨૫૭૨૫૦૨)ને મોકલવા વિનંતી છે.
- ‘અધ્યાત્મ’ દર માસની ૧૭ તારીખે પ્રસિદ્ધ થશે. કોઈ કારણે એકાદ અઠવાડિયા સુધી અંક ન મળે તો સ્થાનિક ટપાલ કચેરીમાં તપાસ કર્યા પછી અત્રે જણાવવું. સિલિકમાં હશે તો જરૂર મોકલી અપાશે.
- પત્રવ્યવહાર કરતી વખતે ગ્રાહક નંબર લખવાથી વધુ સરળતા રહેશે.
- **આ અંકના ટાઈટલ પેઈજ સાથે કુલ પાનાં ૬૮.**

You can know about Shree Mahatma Yogeshwarji & Shree Maa Sarweshwari from Website ‘swargarohan.org’

અનુક્રમણિકા

સદ્‌ભાવભરી સહાય	મા	૩
શ્રી યોગેશ્વર વાણી—મનનો વિચાર	યોગેશ્વરજી	૫
શ્રી યોગેશ્વર કથામૃત— દક્ષિણ આફ્રિકાનો પુણ્ય પ્રવાસ (૧૯)	મા સર્વેશ્વરી	૭
ઋણાનુબંધ	ભોગીલાલ ગિ. શેઠ	૧૨
તો જની તરસ	ડૉ. ઈશ્વરભાઈ પરમાર	૧૫
મહર્ષિના પ્રેરક પ્રસંગો	યોગેશ્વરજી	૧૯
પારમાર્થિક ઉન્નતિ ધનના આધારે નથી	સ્વામી રામસુખદાસ	૨૫
નામજપ વિષે માર્ગદર્શન (૩)	યોગેશ્વરજી	૨૭
શ્રી શંકરાચાર્ય	પ્રો.તરલા દેસાઈ	૩૪
અરે, આપણામાંથી તો કોક જાગે	ડૉ. શરદ ઠાકર	૩૬
ચલો મન સ્વર્ગારોહણ ધામ	મહેન્દ્રભાઈ વ્યાસ	૪૫
લઈ લે હરિનું નામ	જનકભાઈ ઝીંઝુવાડિયા	૪૬
સંક્ષિપ્ત ગાયત્રીમંત્ર	પ. પૂ.યોગેશ્વરજી	૪૭
જીવાત્માનું કાર્ય	શ્રી અરવિંદ	૫૧
પ્રશ્નોત્તરી—ભક્તિ	યોગેશ્વરજી	૫૪
વાસનાનાં વમળ	સાધુ અક્ષરજીવનદાસ	૫૯

પરદેશના અધ્યાત્મના ગ્રાહકો માટે ખાસ સૂચના

—તંત્રી

પરદેશના ગ્રાહકોને અધ્યાત્મ માસિક શરુઆતથી જ વિમાન દ્વારા (By Air mail) મોકલવામાં આવે છે. ડીસે.૧૫માં પોસ્ટ ખાતાએ પોસ્ટલ ચાર્જ લગભગ ડબલ કરી દેતાં, અધ્યાત્મના વાર્ષિક અને આજીવન સભ્ય ફીમાં વધારો કરવામાં આવ્યો. જે અનુક્રમે વાર્ષિક ડૉલર ૨૫ અને આજીવન ડૉલર ૨૫૦ ઠરાવ્યા. ભારતીય ચલણમાં વાર્ષિક રૂા.૧૬૫૦/— આજીવન રૂા.૧૬૫૦૦/— ઠરાવ્યા.

પોસ્ટેજ ચાર્જનો વધારો તો જૂના ગ્રાહકોને પણ લાગુ પડે. એટલે ટ્રસ્ટે એવું ઠરાવ્યું છે કે જૂના બધા જ ગ્રાહકોને પણ આ વધારો લાગુ પાડવો ને નવેસરથી ઉપરના દર પ્રમાણે લવાજમ ઉઘરાવી નવું ગ્રાહક લીસ્ટ બનાવવું ને તે પ્રમાણે ઓગસ્ટ, ૨૦૧૬થી નવા થનાર ગ્રાહકોને જ અધ્યાત્મ મોકલવામાં આવશે, તેની નોંધ લેવા વિનંતિ છે.

હાલ આ કામ અમેરિકા સ્થિત પૂ.મા—પ્રભુના ભક્ત શ્રી વિનોદભાઈ પટેલ, ન્યુજર્સી સંભાળી રહ્યા છે. તો તેમનો સંપર્ક 001-2014010035, 001-2018616810 કરવો.

સામાન્ય રીતે આજીવન સભ્યપદ દસ વર્ષનું હોય છે. તેના સ્થાને **અધ્યાત્મ**એ ૩૮ જેટલાં વર્ષો સુધી આ સેવા કશાય વધારા વગર પૂરી પાડી છે.

એટલે જૂના ગ્રાહકોને તેમના લવાજમનું યોગ્ય વળતર અત્યાર સુધીમાં મળી ગયું છે એમ ટ્રસ્ટ માને છે. કેનેડા, ઇંગ્લેન્ડ, સાઉથ આફ્રિકાના ગ્રાહકોએ—ઉપરોક્ત અમેરિકન ચલણ મુજબ નવું લવાજમ આપવાનું રહેશે.

યોગેશ્વર વાણી

—યોગેશ્વરજી

મનનો વિચાર

મનનું બંધારણ ભારે વિચિત્ર ને રહસ્યમય છે. તેની રચના અટપટી અને અજાયબીથી ભરેલી છે. તેના સ્વરૂપ અથવા તો રૂપરંગનો વિચાર ભલભલા તર્કપટુ, વિદ્વાનો કે પંડિતોને આશ્ચર્યમાં ગરકાવ કરી દે છે. એનો વિચાર કરતી વખતે મારી દૃષ્ટિ સમક્ષ દહેરાદૂનની પાસે આવેલું સહસ્રધારા નામનું સુંદર સ્થાન હાજર થાય છે. એ સ્થાન કેટલું બધું શાંત છતાં કોલાહલરહિત સ્વરથી ભરેલું અને હૃદયંગમ છે! ત્યાંથી અનેક નાનામોટા પાણીપ્રવાહો પ્રકટ થાય છે અને આપણી સામેની લીલીછમ પર્વતમાળામાંથી કલરવ કરતા આગળ વધે છે. આંખ એમને અવલોકીને આનંદ અનુભવે છે અને અંતર એક પ્રકારના અનિર્વચનીય આરામમાં અવગાહન કરે છે. મનની રચના પણ કાંઈક અંશે એવી જ છે. એમાં કોલાહલવાળા અને કોલાહલરહિત, સુંદર અને અસુંદર, સ્થિર અને અસ્થિર, સ્થૂલ તથા સૂક્ષ્મ, વિશાળ તેમજ અલ્પ તથા સાધારણ અને અસાધારણ એવી અનેકરંગી પ્રવાહો ઉત્પન્ન થયા કરે છે. ભાવ, સંકલ્પ, લાગણી અને વિચારોના એ વિવિધ પ્રવાહોમાંથી કેટલાક ઉપયોગી હોય છે તો કેટલાક અનુપયોગી, કેટલાક મંગલ હોય છે તો કેટલાક અમંગલ અને કેટલાક ઉપકારક હોય છે તો કેટલાક અનુપકારક. એમનું પૃથક્કરણ કરવાનું કામ અત્યંત કપરું હોય છે.

એવું પૃથક્કરણ કોણ કરી શકે? જે એ પ્રવાહોથી પૃથક્

અથવા તો અસંગ અને અલિપ્ત રહીને નિરીક્ષણ કરે તે. એવા તટસ્થ નિરીક્ષક કોઈક જ હોય છે. એવા શાંત ને તટસ્થ નિરીક્ષણ માટે ઘણી શક્તિ જોઈએ છે. વધારે ભાગના મનુષ્યો મનના વિભિન્નરંગી બહુરૂપી પ્રવાહોની અસર નીચે આવીને પોતાની અલિપ્તતાને ખોઇ બેસે છે ને તે પ્રવાહોની પ્રબળતાની પાસે લાચાર તથા પરવશ બનીને તેમની સાથે વહેવા માંડે છે. કેટલાક તો એમની અસર નીચે આવીને સૂધબૂધ પણ ખોઇ દે છે. એવી પરિસ્થિતિમાં મનના પ્રવાહોનું તટસ્થ દર્શન કે અવલોકન કરવાનું જ કઠિન થઇ પડે છે તો પછી તેમનું પૃથક્કરણ કરવાનું તો રહ્યું જ ક્યાં? તે તો બની શકે જ કેવી રીતે? એ તો એકદમ અશક્ય જ કહી શકાય. મનનું વિવેચન, પૃથક્કરણ કે અવલોકન કરવા માટે તો મનના ભિન્ન ભિન્ન પ્રવાહોના સાક્ષી બનવાની આવશ્યકતા છે. એ આવશ્યકતાની પૂર્તિ માટે કેટલીક પૂર્વતૈયારી કરવી જોઇએ, વિવેકશક્તિ, સદ્‌બુદ્ધિ અથવા આત્મબળની જાગૃતિ કરવી જોઇએ. ત્યારે જ તે કામમાં સાંગોપાંગ રીતે અને સંતોષકારક માત્રામાં સફળ થઇ શકાય. કામ કાંઇક કપરું છે, પરંતુ ભારે કીમતી અને આશીર્વાદરૂપ છે. એની સિદ્ધિ–અસિદ્ધિ પર આપણા જીવનની ગતિવિધિ અને સુખસમૃદ્ધિ તેમજ સફળતાનો આધાર છે. એટલે તેનું મહત્ત્વ પિછાનીને, તેની સંસિદ્ધિ માટે પ્રયાસ કર્યા વિના ચાલે તેમ નથી. તે કઠિન અવશ્ય છે પરંતુ અશક્ય નથી. અને અનવરત રીતે જો એની પાછળ પડીએ તો તેની સિદ્ધિ જરુર કરી શકીએ.

મનની અંદર જે જુદા જુદા પ્રવાહો પેદા થાય છે તેમને જો તપાસીએ, અથવા તો બારીકાઈથી નિષ્પક્ષ રીતે મૂલવીએ તો, એ પ્રવાહોનાં ત્રણ વિશેષ સ્વરૂપો આપણી નજર સમક્ષ આવ્યા

વિના નથી રહેતાં. એ પ્રવાહોની અંદર રહીને મનની ત્રણ પ્રકારની વિશેષ શક્તિ પોતાનું કામ કરતી હોય છે. એમાંની એક શક્તિને સંકલ્પશક્તિને નામે ઓળખાવી શકાય. એને ઈચ્છાશક્તિનું બીજું નામ પણ આપી શકાય.

મન એક રીતે વિચારીએ તો વિશાળ સાગર જેવું છે સાગરમાં જેમ અસંખ્ય તરંગો ઉછાળા મારે છે તેમ મનમાં વિચારો ને વૃત્તિઓનાં ભાતભાતનાં ને જાતજાતનાં મોજાં ફર્યા કરે છે. પાણીમાં પેદા થનારા તથા ફૂટનારા પરપોટાઓની પેઠે સંકલ્પ–વિકલ્પના પરપોટા પર પરપોટા તેમાં પેદા થઈને ફૂટ્યા કરે છે. રવિની અંદર જેમ અસંખ્ય રશ્મિસમૂહ છે. તેમ મનની અંદર અગણિત સંકલ્પવિકલ્પો, ઈચ્છાઓ ને વૃત્તિઓ, પોતપોતાના આસનને અકબંધ રાખીને નિરંતર કામ કર્યા કરે છે. એક ક્ષણ કે અર્ધી ક્ષણ પણ એવી નહીં જતી હોય, અને નથી જતી, જ્યારે મન એ સંકલ્પવિકલ્પો, ઈચ્છાઓ ને વૃત્તિઓથી મુક્તિ મેળવીને શાંતિપૂર્વક બેસતું હોય. કોઈક ભાગ્યશાળી જિતેન્દ્રિય યોગીને માટે એવી સ્થિત શક્ય કે સહજ હોય તો ભલે, બાકી બીજા હજારો, લાખો, કરોડો અને અબજો મનુષ્યોને માટે તો એ અશક્ય જ છે. એની સુખકારક શાંતિપ્રદાયક કલ્પનાના રસાસ્વાદમાં એ રાચતા હોય તો ભલે, પરંતુ વ્યાવહારિક કે વાસ્તવિક જીવનમાં તો એમને માટે એ સ્થિતિનો સાક્ષાત્કાર સ્વપ્ને પણ શક્ય નથી હોતો. (ક્રમશઃ)

સવારે જ ખીલેલું ફૂલ સાંજે કરમાઇ જાય છે. યાદ રાખો : સતત ખીલેલું કશું જ રહેતું નથી.

અધ્યાત્મ

વરદ હસ્ત પ્રભુ તમારો, સદાય રહેજો જીવન સહારો

–મા સર્વેશ્વરી

વર્ષ : ૩૮ જુલાઈ–૨૦૧૬ અંક ૧૦

શ્રી યોગેશ્વર કથામૃત

–મા સર્વેશ્વરી

દક્ષિણ આફ્રિકાનો પુણ્યપ્રવાસ (૧૯)

તા.૧૩/૧૨/૮૨, સોમવાર, કારતક વદ તેરસ, ૨૦૩૯.

પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર.

ત્રણ વાગ્યે તો પૂ.શ્રી ઊઠી જાય છે. સ્નાન બાદ શીર્ષાસન ૧૫ મિનિટ કર્યા પછી મને દરરોજની જેમ ઉઠાડે છે. હું સ્નાન કરીને ઓરડામાં આવું છું, ત્યારે પૂ.શ્રીનો વ્યાયામ પૂરો થવાની તૈયારીમાં હોય છે. પછી હું થોડો વ્યાયામ કરું છું.

પૂ.શ્રી મંત્રજપ કરવા માટે પલંગ પર બેસી, પલાંઠી વાળીને હાથમાં માળા લે છે. હું મારા પલંગ પર માળા લઈને બેસું છું. પૂ.શ્રી પોણા સાત વાગ્યે લેખન માટે કલમ ઉપાડે છે. હું આઠ વાગ્યા પછી દૂધ પીધા પછી રામાયણપાઠ કરું છું.

પૂ.શ્રી અહીં ઠંડું દૂધ પીએ છે. ઠંડા દૂધમાં ખાંડ નાખ્યા વિના પણ મીઠાશ લાગે છે એમ પૂ.શ્રી માને છે. દૂધ સ્વચ્છ હોય છે.

ભોજન બાદ એક બહેન પોતાના પુત્રો જેઓ વ્યસની થયા છે તેમને સુધારવા પોતે કયો મંત્ર જપે તે અંગે પૂ.શ્રી સાથે વાતો કરે છે.

પૂ.શ્રીએ કહ્યું : તમે મંત્રજપ કરો તે કંઈ આમાં કામ ન કરે. જેઓ વ્યસની છે તેમણે જો સુધરવું હોય તો અમારી પાસે આવે, તો અમે કંઈક કહીએ; મદદરૂપ થઈએ.

ભોજન બાદ આરામ. થોડું લેખન કર્યું. આજે ધ્યાનની બેઠક હતી એમ જાણીને ભાઈબહેનો આવે છે. પૂ.શ્રીનાં પુસ્તકો કયાં કયાં મળે છે એ માટે પ્રકાશન–સંસ્થાઓની યાદી અંગે વાતો થાય છે.

શ્રી. વી. ગોસાઈએ પૂ.શ્રીનું એક અંગ્રેજી પ્રવચન સાંભળીને, તેથી પ્રેરાઈને પોતાના વિસ્તારમાં એટલે કે ડરબનથી ચૌદ–સોળ કિલોમીટર દૂર રિઝર્વહીલમાં પૂ.શ્રીનાં ત્રણ અંગ્રેજી પ્રવચનો યોજયાં છે. ત્યાં હિન્દી ને ગુજરાતીઓની ઘણી મોટી વસ્તી છે. પાણીનો સંગ્રહ ત્યાં થાય છે, તે માટે ત્યાં મોટી ટાંકીઓ આવેલી છે, જેથી તેનું નામ રિઝર્વહીલ પડ્યું છે. શહેરમાં ફ્લેટમાં રહેતા લોકો પોતાનાં સ્વતંત્ર મકાનો બાંધીને આ વિસ્તારમાં રહે છે.

આજે ત્યાં સમયસર પહોંચવા માટે ઉતારા ઉપરથી સાત વાગ્યે નીકળવાનું છે. તેથી પોણા સાતે સેવમમરાનો નાસ્તો, કેરી વગેરે લઈએ છીએ. વીસ–પચ્ચીસ મિનિટમાં ગાડીમાં બેસીને હૉલ ઉપર ઊતર્યાં ત્યારે પણ વરસાદ ચાલુ જ હતો.

વરસાદ હતો છતાં શ્રોતાઓની સંખ્યા સારી હતી. વી. ગોસાઈએ સૌની ઓળખાણ કરાવી. પ્રવચન શરુ થતાં પહેલાં

ધૂન ગવાઈ. પછી પૂ.શ્રીનો પરિચય અપાયો. અમારા બન્નેનું સ્વાગત થયું. પૂ.શ્રીને પુષ્પહાર અને મને પ્લાસ્ટિકમાં સજાવેલો સુંદર મોટો ફૂલોનો ગુચ્છ અર્પણ થયાં. તે પછી અંગ્રેજીમાં પ્રવચન શરુ થયું.

પૂ.શ્રી અંગ્રેજી ભાષામાં પણ ગુજરાતી ભાષાની જેમ જ સહજ પ્રવાહી વાણીમાં પ્રવચન આપે છે. એકધારું, સુંદર અને શિષ્ટ અંગ્રેજીમાં પૂ.શ્રી બોલે ત્યારે સહેજેય એવું નથી લાગતું કે પૂ.શ્રીને અંગ્રેજી બોલવાનો અભ્યાસ જ નથી. ૧૯૪૦માં અંગ્રેજી માધ્યમમાં એક જ વરસ ભણેલા. પણ તે સંસ્કારોથી અને વિશેષ તો પ્રભુની પૂર્ણકૃપાથી તેઓ ભાવવાહી ને પ્રભાવશાળી વકતવ્ય અંગ્રેજીમાં આપી શકે છે.

છેવટે મેં બે હિન્દી ભજનો ગવડાવ્યાં. પૂ.શ્રીએ ''સુમિરન કર લે મેરે મના'' ગવડાવ્યું ને અંગ્રેજીમાં સમજાવ્યું. પછી, શાંતિપાઠ એના અર્થ સાથે સૌને સમજાવ્યો. પ્રવચન બાદ આરતી થઈ. સૌ છૂટાં પડ્યાં. બહાર વરસાદ હતો. વરસતા વરસાદમાં સૌની સાથે અમે પણ વિદાય લીધી. ઉતારા ઉપર વીસ મિનિટમાં આવી ગયાં. પછી દૂધ પીને આરામ.

તા.૧૪–૧૨–૮૨, મંગળવાર, કારતક વદ ચૌદશ ૨૦૩૯
પ્રિન્સ એડવર્ડ સ્ટ્રીટ, ડરબન શહેર

દરરોજની જેમ આજનો પણ ક્રમ રહ્યો. સમયસર ભોજન લીધા બાદ શ્રી. રતિભાઈ પૂ.શ્રીને મળે છે. આજે બહાર જવાનું નથી. ખાસ નોંધયોગ્ય વાતો થતી નથી.

સાંજે ૬।। વાગ્યે પ્રવચન–સ્થળે જવાનું બને છે. અહીંથી નીકળી પોણા સાત વાગ્યે અમે શ્રી. રતિભાઈના નિવાસસ્થાને

પહોંચી ગયાં. એમના વિશાળ નિવાસસ્થાનમાં બેઠકના ઓરડામાં જવાનું બન્યું. ત્યાં શ્રી રામકૃષ્ણદેવ, શ્રી શારદામાતા અને શ્રી વિવેકાનંદજીની સુંદર મૂર્તિઓ જોવા મળી. પ્રથમ નજરે જ, તેઓ શ્રી રામકૃષ્ણદેવના ભક્ત છે એનો ખ્યાલ આવી જાય છે. ઘરનાં યુવાન બાળકોએ આવીને પૂ.શ્રીને નમસ્કાર કર્યા. ત્યારબાદ એ વિશાળ નિવાસસ્થાન અમને બતાવવામાં આવ્યું. ત્યાં એક દેવસ્થાનનો પણ ઓરડો હતો. ત્યાં પણ વિવિધ દેવો સાથે શ્રી રામકૃષ્ણદેવ ને શ્રી શારદામાતા હતાં. દેવસ્થાનમાં શ્રી. રતિભાઈની ભાવનાને માન આપી મારે દીવો પેટાવવાનું પુણ્યકાર્ય કરવાનું થયું.

શ્રી. રતિભાઈનાં ધર્મપત્નીએ પણ સ્વામી ભૂતેશાનંદ પાસે મંત્રદીક્ષા લીધી હતી. એટલે કે પતિપત્નીના ઈષ્ટદેવ એક જ હતા.

પૂ.શ્રીએ બેઠકના ઓરડામાં પ્રવેશતાં જ કહ્યું કે, વાતાવરણ પવિત્ર લાગે છે.

પૂ.શ્રીની સમક્ષ સ્વાગતમાં વિવિધ ફળો ને દૂધ મૂકવામાં આવ્યાં. પૂ.શ્રીએ એમાંથી કશું જ ન લેતાં દ્રાક્ષની માગણી કરી. પછી સાકરના બે ટુકડા અને કેળાં લીધાં.

પૂ.શ્રીએ બાળકોના નમસ્કાર કરવાના વિનયને ધન્યવાદ આપતાં કહ્યું : માબાપના સંસ્કારો બાળકોમાં ઊતરે જ છે. વડીલોને, જ્ઞાનીઓને, વિદ્વાનોને પ્રણામ કરવા જોઈએ એ વાત જ્યાં મોટાં જ જાણતાં નથી ત્યાં નાનાં તો ક્યાંથી તે વાતને અપનાવે? આ બાળકોનો વિનય મોટાંઓએ પણ શીખવા જેવો છે.

સમયસર પ્રવચન–સ્થળે જવાનું બન્યું. અંગ્રેજીમાં અપાયેલ આજનું પ્રવચન ખૂબ જુસ્સાવાળું હતું. પ્રવચન બાદ સૌની વિદાય લઈને ઉતારા ઉપર આવી ગયાં.

આજે વરસાદ ન હતો.

શ્રી. રતિભાઈ શ્રદ્ધાભક્તિથી સંપન્ન સત્પુરુષ છે. તેઓ પૂ.શ્રીની સેવા કરવા હંમેશાં તત્પર રહે છે. એમની ભાવભક્તિ જોતાં પૂ.શ્રી હવે કદાચ પોતાનો ઉતારો શ્રી. રતિભાઈને ત્યાં પણ રાખે એવું લાગે છે. પ્રભુની ઈચ્છા ઉપર બધો આધાર છે.

હરિઃ ૐ

(ક્રમશઃ)

સુખ સમૃદ્ધિ અને જીવનની ઉત્તમ વસ્તુ તેના પાછળ દોડનારને નહિ પરંતુ તેની પાસેથી દોડી જનારને પ્રાપ્ત થાય છે. સુખ માટે ફાંફાં મારનારને કદી સુખ મળતું નથી, સુખ પડછાયા જેવું છે જે એને પીઠ બતાવે તેની પાછળ પાછળ એ જાય છે. જે એની મોઢા–મોઢ છે એનાથી એ દૂર જાય છે.

જીવનમાં હળવાશની જરૂર :–જીવનમાં હંમેશા ગંભીર રહેવાથી ફાયદો થતો નથી, વધુ પડતી ગંભીરતા જીવનને ભારેખમ બનાવી દે છે. માનસિક બોજો વધારી દે છે તેથી જીવન જીવતાં જીવતાં થોડી હળવાશ પણ અનુભવવી જોઈએ. જીવનને એક નાટકના ખેલની જેમ જુઓ તેનામાં રહેલી હાસ્યાસ્પદ બાજુને નિહાળો, કેવું વિચિત્ર અને હસવું આવે તેવું વર્તન કરે છે તે પણ જોતા રહો, આમ કરવાથી તમારું જીવન બોજારૂપ બનતું અટકે છે. મન હળવું થઈ જાય છે અને એક પ્રકારની તાજગીનો અનુભવ થાય છે.

ઋણાનુબંધ

–ભોગીલાલ ગિ. શેઠ

ભવોભવના ભ્રમણકાળ દરમ્યાન એક જીવ અનેકાનેક અન્ય જીવો સાથે પરિચય અને સંબંધમાં આવે છે અને સંજોગો અનુસાર અનુકૂળ–પ્રતિકૂળ સ્થિતિ વચ્ચે આવતાં રાગદ્વેષના તીવ્ર કે મંદ ભાવો કરી પરસ્પર કર્મોથી બંધાય છે. આ રાગદ્વેષની સાંકળ એ ઋણાનુબંધ છે. ઋણ એટલે કરજ–દેવું અને અનુબંધ એટલે તેને અનુસરતો અનુરૂપ ફળ દેનાર બંધ, રાગથી શુભબંધ અને દ્વેષથી અશુભબંધ થાય છે. શુભબંધના ઉદયનું ફળ મીઠું છે તથા અશુભબંધના ઉદયનું ફળ કટુ છે. ભવોભવમાં અન્ય જીવો સાથે વારંવાર થતાં શુભાશુભ ભાવોને લીધે ઋણાનુબંધ દ્રઢ થતો જાય છે.

તે શુભાશુભ ઋણની પતાવટ અર્થે જીવ ઋણાનુબંધી જીવો સાથે સંસારી સબંધોથી જોડાય છે. જેવા કે મા–બાપ, પતિ–પત્નિ, ભાઈ–ભગિની, દેરાણી–જેઠાણી, પુત્ર–પુત્રી, સાસુ–વહુ, નણંદ–ભોજાઈ, કાકા–કાકી, મામા–માસી તેમ મિત્ર–શત્રુ, વ્યાપારી ભાગીદાર ઈત્યાદિ. એક જીવનો જન્મ અમુક જ મા–બાપને ત્યાં શા માટે થયો તેનું કારણ આ સિદ્ધાંતથી સમજાશે, તેમ અન્ય સંબંધિત જીવો સાથે અનુરાગ–અણરાગ, સંયોગ–વિયોગ, સુખ–દુઃખનો અનુભવ શા માટે થાય છે, તે પણ સ્પષ્ટ થશે.

એક ભવનું આયુષ્ય પૂરું થતાં અને તે ભવમાં સંબંધિત જીવો સાથેના ઋણાનુબંધનો ઉદય પૂર્ણ થતાં જીવ આદર્યા અધુરા રાખી તે દેહનો ત્યાગ કરી ચાલ્યો જાય છે. તેમાં ક્ષણ માત્રનો પણ

ગોટાળો થતો નથી. મૃત્યુનું આવવું નિયત અને નિશ્ચિત છે. પછી જે નવું ગતિનામકર્મ બાંધ્યું હોય તે યોનિમાં તે જ કર્મના ઉદયથી જન્મ લે છે, ત્યાં ઋણાનુબંધની ચુકવણી અર્થે તે તે જીવો સાથે સંયોગ કે સમાગમમાં આવે છે અને બંધની ઉદયગત સ્થિતિ થતાં તેનું ફળ ભોગવાય છે અને દેવું ભરપાઇ થાય છે— આ જુનું ઋણ છે. સાથે સાથે ભોગવતી વેળાએ પ્રીતિ—અપ્રીતિ, રાગ—દ્વેષ વગેરે થયેલાં પરિણામોથી નવું ઋણ બંધાય છે. ફરીથી આયુષ્યકર્મના ક્ષય સાથે દેહત્યાગ થાય છે. અને ઉપરના નિયમ પ્રમાણે નવો દેહ ધારણ થાય છે. આ જન્મમરણનું ચક્ર જ્યાં સુધી ઋણાનુબંધ સત્તામાં હોય, ત્યાં સુધી અવિરતપણે ચાલ્યાં કરે છે. ઋણની પુરી પતાવટ થાય છે ને તેનો અંશ પણ શેષ રહેતો નથી ત્યારે જ સંસારના આવાગમનમાં ફેરા અટકે છે, અર્થાત જીવ સંસારના બંધનથી છુટે છે અને મુક્ત થઇ નિજધામ આવ્યા બાદ સુખસ્વરૂપ, કેવળ શાંત સ્થિતિમાં સર્વ કાળને માટે રહે છે.

આથી સ્પષ્ટ થશે કે, સંસારના સગપણ—સંબંધો છે કે મિત્રાદિ સંબંધો છે, સર્વ ઋણાનુબંધની ચુકવણી અર્થ છે. તે સંબંધો શુભ યા અશુભ હોય છે. રાગદ્વેષની બળવાન ઘનિષ્ટા મા—બાળક, પતિ—પત્નિ, સાસુ—નણંદ, નણંદ—ભોજાઇ, માતા—પિતા વગેરેના સગપણ સંબંધે બનતી હોવાને લીધે તેવા સગપણ સંબંધોથી જોડાવાનું વારંવાર બન્યા કરે છે. વર્તમાન ભવમાં કોઇ એક જીવનો બીજા જીવ સાથે પતિ—પત્નિ (કે અન્ય કોઇ પ્રકારનો નિકટ સગપણ સંબંધ)નો સંબંધ હોય, તે પ્રથમ વારનો છે એમ હોતુ નથી, કેમ કે પૂર્વ ભવમાં તેવા સંબંધો બન્યા જ હોય છે. આ પ્રકારે સંસારના સંબંધો માયાયુક્ત અને મિથ્યા છે, તો પણ તેમાં એક વિશેષતા છે.

તે વિશેષતા આ પ્રકારે છે, જો કોઇ જીવ કોઇ અન્ય જીવ (કે જીવો) સાથે સંસાર વ્યવહારમાં ઘણા ભવો પર્યંત પોતાના શુભ ભાવો જાળવી રાખી શુભ ઋણાનુબંધ બાંધ્યા કરે તો વ્યવહારથી પ્રથમ જીવને બીજા જીવ થકી સહાય, મદદ, સુવિધા આદિ સંસારી લાભ મળ્યા કરે એ તો ખરું, પણ તે ઉપરાંત ઘણા ભવના શુભ ઋણાનુબંધથી બીજો એક મોટો લાભ એ છે કે જ્યારે બેમાંથી કોઇ એક જીવ પરમાર્થ ધર્મમાં રૂચિવંત થઇ, કોઇ ઉત્તમ યથાર્થ યોગને પામી ધર્મારાધન કરતાં આત્મજ્ઞાન પામે અને તેની ઉચી આત્મદશા થાય ત્યારે તે જ્ઞાનપુરુષ, માર્ગને પામેલા હોઇ, પોતાના બીજા શુભ ઋણાનુબંધથી જીવને અધ્યાત્મમાર્ગ તરફ ખેંચી તેને જ્ઞાન પમાડવામાં નિમિત્ત થાય છે તથા તેની આત્મદશાના વિકાસમાં સહાયભુત થઇ તેને ઊંચી પાયરી પર લઇ જાય છે. ઘણીવાર વ્યવહારનું ઋણ આ રીતે પરમાર્થથી ચુકવાય છે, એ વિચારતાં તેના જેવુ રૂડું બીજું શું હોઇ શકે? વ્યવહારથી ઋણની ચુકવણી કરવાની હોય તો એક ભવપ્રમાણ સંસારસુખનો લાભ મળે, પણ પરમાર્થથી દેવું ચુકવાય ત્યારે સંસારભ્રમણનો કાળ એકદમ ઘટી જવા સાથે, આત્મકલ્યાણ અને આત્મશ્રેયનો અપૂર્વ લાભ પ્રાપ્ત થાય છે ને અંતમાં શુદ્ધ, બુધ્ધ અને મુક્ત થવાય છે.

વ્યવહારમાં જીવ શુભ ઋણાનુબંધના ઉદયથી સંસારના સગપણ સંબંધોથી અથવા મિત્રાદિ સંબંધોથી બંધાય છે અને પ્રીતિ—સ્નેહમાં સહજતાએ રહી પરસ્પર અનુકૂળતાએ વર્તે છે.

તેજની તરસ

—ડૉ. ઈશ્વરભાઈ પરમાર

જીવતા જીવને હવા વિના ચાલે નહીં, શ્વાસ લેવા માટે જરુરી હવા વિના મૂંઝારાનો પાર ન રહે, જીવતા જીવને ખોરાક વિના બેચેનીનો પાર નહીં. જીવતા જીવને પાણી વિના ચાલે નહીં. તરસ લાગે ત્યારે પાણી વિના થતી અકળામણનો પણ પાર નહીં. તરસની, તીવ્ર તરસની અકળામણ કેવી હોય એનો ખ્યાલ તો જેણે એ કપરો અનુભવ કર્યો હોય એને જ આવી શકે.

અરબસ્તાનમાં એક મુસાફર વેપાર કરીને પોતાને ગામ ચાલીને જતો હતો. એને ખભે સોનામહોરોનો એક કોથળો હતો. એનો રસ્તો રણ વચ્ચેથી પસાર થતો હતો. એ ભૂલો પડ્યો અને તેમાંય વળી આંધી આવી ચડી. રેતીના ઢગલા—ઢૂવાઓમાં એ ફસાઇ ગયો. કશુંય ન સૂઝતાં એક ઢૂવા પાસે પડ્યો રહ્યો. ધીમે ધીમે આંધી શમી પણ તાપ વધ્યો. તેને લાગી તરસ. તરસ વધવા માંડી એની અકળામણનો પાર નહીં. તેને વિચાર આવ્યો કે આટલી બધી સોનામહોરો આવે વખતે મારે શા ખપની. એના બદલામાં કોઇ પાણીનો અડધો પ્યાલો પણ આપે તોય સોદો સસ્તો લાગે!

પાણીની તરસ, ખોરાકની ભૂખ ને હવા વિના થતો મૂંઝારો માનવનું શરીર અનુભવે છે. આ બધું મળતા માનવ સહિતનાં પ્રાણીઓનું શરીર સ્વસ્થ થઇ જાય છે અને રોજિંદી જરુરતો સંતોષવાના પ્રયાસોમાં પરોવાઇ જાય છે. આમ ને આમ તેનું અંધારિયું જીવન સંકેલાઇ જાય છે. આવું પેટભરું જીવન તે ખરા

અર્થમાં જીવન નથી.

ખરા અર્થમાં જીવન જીવવા ઇચ્છનાર માનવને મૂંઝારો, બેચેની અને અકળામણ થવાં તો જોઇએ પણ તે પરમ તેજસ્વરૂપ પરમાત્માની પ્રાપ્તિ માટે. પરમાત્મા તેજોરાશિ છે, પરમ તેજસ્વી છે. રોજિંદા વ્યવહારોનાં અંધારામાં અથડાયા કરવાને બદલે અંશસ્વરૂપ પરમ તેજમાં અંશી થઇને એકાકાર થઇ જવાની તડપન અંતરમાં પડઘાયા કરવી જોઇએ, 'પ્રેમળ જ્યોતિ તારો દાખવી મુજ જીવનપંથ ઊજાળ'—આ પ્રાર્થનાનું રટણ થયા કરવું જોઇએ.

તેજની તરસ એટલે પરમની સમીપે પહોંચવાની તીવ્રતમ તરસ, પરમતેજની અનુભૂતિ કરવાની અભીપ્સા. જેને આ અભીપ્સા જાગી ગઇ છે તે ભૌતિક લાભો હાંસલ કરવાની લાલચ કે લાલસા છોડી ચૂક્યા હોય છે.

રાયચંદભાઇ હીરાના પારખુ વેપારી હતા. એમણે બીજા એક વેપારી સાથે કરારનામું કર્યું કે અમુક મુદ્દતમાં ઠેરવેલ ભાવે એણે અમુક હીરા આપવા, પણ પછી બજારમાં ભાવ અચાનક ઊંચકાઇ ગયા. હવે પેલો વેપારી બાંધી મુદ્દતમાં હીરા પૂરા પાડે તો તે બરબાદ થઇ જાય—એ તો ઊતરેલા ચહેરે રાયચંદભાઇની દુકાને ગયો. એને જોતાંવેંત રાયચંદભાઇ પરિસ્થિતિને પામી ગયા. એમણે એને આશ્વાસન આપતા કહ્યું, 'ભાઇ તમને બરબાદ કરીને મારે કમાવું નથી, રાયચંદ દૂધ પી શકે છે, લોહી નહીં'— આમ કહીને એમણે પેલું કરારનામું ફાડી નાખ્યું. એ રાયચંદભાઇ એટલે મહાત્મા ગાંધીજી જેમને પોતાના ગુરુ સમાન માનતા હતા તે શ્રીમદ્ રાજચંદ્ર. એમને નાણાંની નહીં, પરમતત્ત્વની અનુભૂતિની અભીપ્સા હતી.

દિવ્ય અભીપ્સા તો હતી મીરાંબાઈને પતિ રાણા ભોજરાજના અવસાન પછી ગિરધરરૂપી પરમતેજની તરસ એમને વધુ ને વધુ અકળાવવા લાગી અને મીરાંએ મેવાડ છોડ્યો. છેવટે કૃષ્ણપુરી દ્વારકામાં આવીને વસ્યાં. એ વખતે એમના દિયર વિક્રમજિતે આવીને મીરાંબાઈને ચિત્તોડ પધારવા વિનવણી કરી, ત્યારે દિવ્ય તૃષાતુર મીરાંબાઈ તો ગિરધરની મૂર્તિમાં સમાઈ ગયાં!

પરમતેજને પામી જનારની જીવન–મસ્તી કોઈ ઓર જ હોય છે. શહેનશાહ સિકંદર ભારતમાં આવ્યા ત્યારે તેમણે એક મસ્ત ફકીર વિશે જાણ્યું. એ તેમને મદદ કરવા માટે મળવા ગયો. શિયાળાની સવારે ફકીર તો રસ્તાની નજીક આરામથી સૂતા હતા. સિકંદરે એમને પૂછ્યું, 'તમને હું શું ભેટ આપું?' ફકીરે કહ્યું, 'મારે કંઈ જરુર નથી.' સિકંદરે વધુ આગ્રહ કર્યો ત્યારે એણે મસ્તીથી કહ્યું, 'જો કંઈ આપવું જ હોય તો, સવારનો આ તડકો મારા પર આવી શકે તે માટે આઘો ખસ!'

આવી મસ્તીમાં મગ્ન થવા માટે જરુર છે પરમના સામીપ્યની અનુભૂતિની. આ માટેનો ઉપાય પરમહંસ શ્રીરામકૃષ્ણદેવ રડતાં બાળકના એક ઉદાહરણ દ્વારા સમજાવે છે :

ઘરકામમાં વ્યસ્ત માતાના ખોળે બેસીને રમવા ઈચ્છતા રડતાં બાળકને માતા રમકડાં આપે છે. થોડી વાર રમીને બાળક પાછું મા માટે રડે છે. હવે માતા એને મીઠાઈ આપીને છાનું રાખે છે. અને પોતાનાં કામે પાછી વળગી જાય છે.

માતાના ખોળે બેસવા ઈચ્છતું બાળક છેવટે રમકડાં અને મીઠાઈને હડસેલીને રડતાં રડતાં માને સાદ કરે છે. આથી માતા

તેને ખોળે લે છે. બાળકનો માતા માટેના તલસાટ જેવી તડપન પ્રભુ માટે પણ આપણા અંતરે આંદોલિત થાય તો પ્રભુ આપણને કેમ ન અપનાવે? અભીપ્સા અને પછી પ્રભુની કૃપા, અધ્યાત્મપથનાં આ જ તો છે બે કેન્દ્રો.

જ્યોતિ સ્વરૂપ પરમાત્માને ભક્તની સાચી તરસનો ખ્યાલ આવ્યા વિના રહેતો નથી. તરસ્યો માણસ જે મક્કમતાથી જળાશય તરફ જાય છે, તે જ મક્કમતા પ્રભુ પ્રત્યે જવામાં જળવાઈ રહે તો તેમનો ખોળો દૂર નથી રહેતો. પ્રભુના પરમતેજને પામવાની તરસ ધરાવનારની આ પ્રાર્થના અંતસ્થ કરીએઃ

અસત્યો માંહેથી પ્રભુ પરમ સત્યે તું લઈજા,
ઊંડા અંધારેથી પ્રભુ પરમતેજે તું લઈજા.

અને યાદ રાખીએ–

એનું જીવન બન્યું સરસ,
જેને લાગી તેજની તરસ.

ફોન : દુકાન : ૨૨૫૮૮૧૨ ઘર : ૨૬૬૪૦૭૮
મોબાઈલ : ૯૩૭૪૭૧૦૩૦૪
દીપક સી. મહેતા
કૃષ્ણા ફિલ્મ્સ એન્ડ સ્ટુડિઓ
૧, શ્યામ એપાર્ટમેન્ટ, કાકડીઆ કોમ્પ્લેક્ષ પાસે,
ઘોડદોડ રોડ, **સુરત**-૩૯૫૦૦૧

મહર્ષિના પ્રેરક પ્રસંગો

—યોગેશ્વરજી

અંતર્યામીત્વ

મહર્ષિ બીજાના મન અથવા અંતરને સારી પેઠે જાણી શકતા. એ હકીકતને પુરવાર કરનારા પ્રસંગો એમના જીવનમાં અવારનવાર બનતા રહ્યા છે. એમની અંદર રહેલી અલૌકિક શક્તિને લીધે એ સૌ કોઈના હૃદયને સ્પષ્ટપણે જોઈ શકતા. એમનાથી કશું છૂપું નહોતું રહેતું. એ વાતનો અનુભવ એમના સમાગમમાં આવેલા અનેકને થઈ ચૂક્યો છે.

એકવાર મૈસુરનો એક યુવક આશ્રમમાં આવીને ત્યાંના વિશુદ્ધ વાતાવરણથી પ્રભાવિત થઈને રહેવા માંડ્યો. આશ્રમમાં એ મહિનાઓ સુધી રહ્યો તે દરમિયાન રોજ મહર્ષિની સામે હૉલમાં બેસીને ધ્યાન કર્યા કરતો. બહારથી જોતાં એ ઊંડા ધ્યાનમાં ડૂબી ગયો હોય એવું લાગ્યા વિના રહેતું નહીં. એની એવી પ્રવૃત્તિ જોઈને બીજા સાધકો, ભક્તો ને દર્શનાર્થીઓ એના પ્રત્યે વિશેષ પ્રેમથી જોવા લાગ્યા. આશ્રમના સંચાલકો એને સંસ્કારી સમજીને એનું ખાસ ધ્યાન રાખવા માંડ્યા.

પરંતુ મહર્ષિ એના તરફ જરા પણ ધ્યાન ના આપતા. એ આશ્રમમાં આવ્યો ત્યારથી જ એ એના પ્રત્યે એકદમ ઉદાસ રહેતા. એ કેટલીક વાતોમાં એનો વિરોધ પણ કરતા, અને એને સહેજ પણ મહત્ત્વ ના આપતા.

કેટલાક માણસોએ એમને એ બાબત પૂછ્યું પણ ખરું—તો મહર્ષિએ તરત જ જણાવ્યું : 'હું એનું શું ધ્યાન આપું? તમને

ખબર છે કે એ આટલા બધા દિવસોથી શાનું ધ્યાન કરી રહ્યો છે?'

'શાનું કરી રહ્યો છે?'

'તમે કલ્પના કરી શકો છો?'

'કલ્પના તો ઈશ્વરનું ધ્યાન કરતો હશે એવી જ કરી શકાય છે.'

'એ જ જોવાનું છે ને? એ નોકરીનું ધ્યાન કરી રહ્યો છે.'

'નોકરીનું?' મહર્ષિનો ખુલાસો સાંભળીને સૌને નવાઈ લાગી.

'હા. નોકરીનું.'

મહર્ષિએ વિશેષ સ્પષ્ટીકરણ કરતાં જણાવ્યું :

'એ ઈશ્વરનું ધ્યાન નથી કરતો પરંતુ નોકરીને માટે મને પ્રાર્થના કરે છે. લૌકિક લાલસાની પૂર્તિ કરવાની આકાંક્ષાવાળા માણસોએ એમની પૂર્તિ થવાનો સંભવ હોય ત્યાં જ જવું જોઈએ. મારાથી એને માટે કશું જ નહીં કરી શકાય. હું અહીં લોકોને નોકરીઓ આપવા બેઠો છું? હું સંપત્તિ વિનાનો એક અકિંચન સન્યાસી છું.'

પેલા યુવાને મહર્ષિના શબ્દો સાંભળીને કબૂલ કર્યું કે એ શબ્દો છેક સાચા હતા.

એ પ્રસંગથી ભક્તોને મહર્ષિની લોકોત્તર શક્તિનો પુરાવો મળ્યો.

પેલા યુવકને તિરુવણ્ણામલૈ શહેરની સ્કૂલમાં નોકરી

કરવાનું કહેવામાં આવ્યું તો પણ એનું મગજ એટલું બધું ભ્રાંત બની ગયું કે એણે એની અવગણના કરી.

થોડાક વખત પછી એણે નોકરીને બદલે મહર્ષિનું ધ્યાન ધરવાનું શરુ કર્યું.

મહર્ષિ પાસેથી અસાધારણ શક્તિભંડારને હસ્તગત કરવાની ઈચ્છાથી પ્રેરાઈને એ એમની સામે બેસીને કલાકો લગી ધ્યાન કરવા માંડ્યો.

એક દિવસ પોતાના ધ્યાનની પરાકાષ્ઠા રૂપે ભાવાવેશમાં આવીને એ કાચ પર બેઠેલા મહર્ષિને એકાએક ભેટી પડ્યો ને 'પિતા પિતા!' પોકારવા લાગ્યો.

એના એવા અદ્ભુત અભિનયથી પણ મહર્ષિ જરા પણ પ્રભાવિત ના થયા. એ સંપૂર્ણ શાંત જ રહ્યા.

આદર્શનિષ્ઠા

એકવાર રમણાશ્રમમાં એક પરદેશી પ્રવાસી આવી પહોંચ્યા.

એ ભારતનાં જુદાં જુદાં સ્થળોનો પ્રવાસ કરવા નીકળેલા.

એમની સાથે એમનો મદદનીશ પણ હતો.

એ બંનેને ભારતીય સંગીતનું રેકર્ડીંગ કરવામાં રસ હોવાથી એ ઉદ્દેશની પૂર્તિ માટે જુદાં જુદાં સાધનો સાથે એ પ્રવાસ કરતા.

આશ્રમમાં આવીને એમણે મહર્ષિનાં દર્શનનો લાભ લીધો પરંતુ એમની ભૂમિકા જુદી હોવાથી એમને એમની સંનિધિમાં વિશેષ રસ ના પડ્યો. એમની મહત્ત્વકાંક્ષા સામવેદનું રેકર્ડીંગ

કરવાની હોવાથી એમણે એને માટે તપાસ કરવા માંડી.

પરંતુ એ મહત્ત્વાકાંક્ષાની પૂર્તિનું કામ ધાર્યા જેટલું સહેલું નહોતું. એક તો સામવેદમાં પારંગત પંડિતો જ બહુ ઓછા હતા ને જે થોડાક હતા તે પણ ખૂબ જ રૂઢિચુસ્ત હોવાથી એના મંત્રોનું રેકર્ડીંગ કરવા માટે તૈયાર થાય કે કેમ એ શંકાસ્પદ હતું.

ગણપતિ શાસ્ત્રીએ એમને તિરુવણ્ણામલૈ આવવાનું આમંત્રણ આપેલું ને કહેલું કે તિરુવણ્ણામલૈમાં અથવા એની આસપાસના પ્રદેશમાં એવા વેદપાઠી પંડિતો મળી શકશે અને એમની મદદ પણ મળી રહેશે. એમના એવા આશ્વાસનને લીધે જ એ આવેલા.

લાગતાવળગતા લોકોના પુષ્કળ પ્રયત્નો પછી સામવેદ જાણનારા બે વિદ્વાન પંડિત મળ્યા તો ખરા પરંતુ એમણે પોતાના સ્વરનું રેકર્ડીંગ કરવામાં આવે એ પ્રસ્તાવનો વિરોધ કર્યો. એમણે જણાવ્યું કે વેદનો પાઠ જાહેર રીતે કરવાની મનાઈ ફરમાવવામાં આવી છે. એ મનાઈનો ભંગ કરવાની અમારી ઈચ્છા નથી કારણ કે અમે શાસ્ત્રોના આદેશો પ્રત્યે આદરભાવ રાખીએ છીએ. અમારા સ્વરનું રેકર્ડીંગ કરવામાં આવે તો પાછળથી એ રેકર્ડીંગ કોઈ પણ પ્રકારના ભેદભાવ કે વિવેક વગર સૌ કોઈને સંભળાવવામાં આવે અને એવી રીતે પરંપરાગત શાસ્ત્રાજ્ઞાનો ભંગ થાય.

પેલા પરદેશી પ્રવાસીઓની સ્થિતિ કફોડી થઈ પડી. એમણે બીજા કેટલાક મિત્રોની મદદથી વેદપાઠી પંડિતોને સમજાવવાનો પ્રયત્ન કરી જોયો. પહેલાં તો પંડિતોએ વેદનું જાહેર ગાન

કરવાની ઘસીને ના પાડી પરંતુ પાછળથી એક શરતે તૈયારી બતાવી કે સામવેદનું એમનું રેકર્ડીંગ મહર્ષિની સંનિધિમાં કરાવું જોઈએ.

એ શરત તદ્દન સાધારણ હોવાથી એનો લાગતાવળગતા સૌએ સહર્ષ સ્વીકાર કર્યો.

પેલા પરદેશી પ્રવાસીઓ અત્યંત આનંદમાં આવી ગયા. એમણે પંડિતોનો અંતઃકરણપૂર્વક આભાર માન્યો.

આશ્રમના મેનેજર પાસે પહોંચીને એમણે અનુજ્ઞા માગી એટલે મેનેજરની અનુમતિ પણ તરત જ મળી ગઈ.

નિશ્ચિત સમયે હૉલની પાસે મશીનવાળી મોટર લાવવામાં આવી. હૉલમાં માઈક્રોફોનની વ્યવસ્થા કરવામાં આવી.

મહર્ષિને એ કાર્યક્રમની પહેલેથી કશી માહિતી ના હોવાથી એ સંબંધી પૂછવા માડ્યું તો એમને એ સમસ્ત ઘટનાચક્રથી વાકેફ કરવામાં આવ્યા.

સઘળી વાતને સાંભળી લીધા પછી એમણે કહ્યું : 'આ બધું લઈ જાવ.'

પરદેશી પ્રવાસીઓ તથા બીજા શ્રોતાઓ આશ્ચર્યમાં પડી ગયા. પરંતુ એથી શું? મહર્ષિનો આદેશ અફર અથવા અંતિમ હતો.

પરદેશીઓને એવી પ્રતિકૂળ પરિસ્થિતિમાં રોષ થઈ આવે એ તદ્દન સ્વાભાવિક હતું. એમણે આટલી બધી તૈયારી કરી પંડિતોને પણ રેકર્ડીંગ કરાવવા માટે પ્રસન્ન કર્યા અને હવે રેકર્ડીંગ કરવાનો અવસર આવ્યો ત્યારે મહર્ષિએ બધી મહેનત

પર પાણી ફેરવી દીધું એવું જ કહેવાય ને?

મહર્ષિના વિરોધનું કારણ સ્પષ્ટ હતું. પંડિતો એમનો આશ્રય લઈને અથવા એમને નિમિત્ત બનાવીને પોતાના પરંપરાગત નિયમને તોડવા માટે જે રીતે તૈયાર થયા તે એમને પસંદ નહોતું. પંડિતોની ઇચ્છા હોય તો એ વેદપાઠનું રેકર્ડીંગ ગમે ત્યાં કરાવે તેમાં એમને કશી હરકત નહોતી પરંતુ એમની ઉપસ્થિતિમાં રેકર્ડીંગ થાય ને પાછળથી પંડિતો એવો એકતરફી પ્રચાર કરે કે અમે મહર્ષિની અનુમતિથી રેકર્ડીંગ કરાવેલું એ સ્થિતિ એમને માન્ય નહોતી ને આદર્શ નહોતી લાગતી.

એમની એ અસાધારણ આદર્શનિષ્ઠા સાચેસાચ સ્તુત્ય હતી એમાં સંદેહ નહીં.

વિજય કનેરીયા : ૯૮૨૪૨૧૫૨૬૭, સ્મિતાબહેન : ૯૪૨૮૧૫૬૫૨૩

હાશ®

મગફળી, તલ, ટોપરા, દાળીયાની ચીકી

★ કનેરીયા એન્જીનીયરીંગ વર્કસ ★

ભક્તિનગર, રેલ્વે સ્ટેશન ચોક, રાજકોટ–૩૬૦૦૦૨

પારમાર્થિક ઉન્નતિ ધનના આધારે નથી

—સ્વામી રામસુખદાસ

પારમાર્થિક ઉન્નતિ ધનને આધીન નથી—એ વાત મારા દિલમાં બરાબર ઠસી ગઇ છે. આ વિષયમાં મેં ઘણું અધ્યયન કર્યું છે. જેમ રૂપિયા કમાવાને માટે કલક્તા જઇએ છીએ. ત્યાં રૂપિયા કમાઇ લઇએ છીએ તો આપણે આપણી યાત્રા સફળ માની લઇએ છીએ. એ જ પ્રમાણે કથા કરીએ છીએ અને એમાં રૂપિયા મળી જાય છે તો પોતાની કથાને સફળ માની લઇએ છીએ. આ તેમની વાત થઇ જેઓ રૂપિયાના ગુલામ છે. પરંતુ ક્યાંક સારા સંત મહાત્મા હોય અને તેમની સેવામાં ભોજન આપવામાં આવે. કપડાં આપવામાં આવે તો માણસ રાજી થાય છે કે આજે મારું ભોજન તથા કપડાં સફળ થઇ ગયાં! એટલા માટે સજ્જનો! ધન આપવાથી સફળ થાય છે, લેવાથી નથી થતું. જેઓ લેવાથી સફળતા માને છે, તે બિચારા સમજતા જ નથી! રૂપિયા આવવાથી કોઇ ફાયદો નથી. મરી જશો તો શું એક કોડી પણ સાથે આવશે? પરંતુ ધર્મનું અનુષ્ઠાન કર્યું છે, ભગવાનનું ભજન કર્યું છે, ગુરુની પ્રસન્નતા લીધી છે તો આ બધું ધન અહીંયાં નહીં રહેશે. સાથે આવશે. હૃદયથી બીજાઓને સુખ પહોંચાડવામાં આવે, ધર્મનું અનુષ્ઠાન કરવામાં આવે એમાં તમારા જેટલા પૈસા વપરાઇ જાય, તે બધા સફળ થઇ ગયા.

સંત મહાત્મા આપણાથી ત્યારે પ્રસન્ન થાય છે, જ્યારે આપણું જીવન મહાન, પવિત્ર, નિર્મળ થઇ જાય અને આપણું કલ્યાણ થઇ જાય. જેમ હૃષ્ટ—પુષ્ટ બાળકને જોઇને મા રાજી થઇ

જાય છે, એવી જ રીતે તમારામાં જ્ઞાનની વૃદ્ધિ જોઇને સંત—મહાત્મા રાજી થઇ જાય છે. તમે ભલેને તેમને રોટલાનો ટુકડો પણ ન આપો. તેમની કંઇ પણ સેવા ન કરો; પરંતુ તેમની વાતોને ધારણ કરીને તેવા જ બની જાઓ તો તેઓ ઘણા પ્રસન્ન થઇ જશે; કેમ કે એ જ તેમની અસલી સેવા છે.

જડ ચીજોથી ગુરુ—તત્ત્વની સેવા થતી નથી. નાના બાળકને રેશમની ચમકતી ટોપી પહેરાવવામાં આવે તો તે ઘણું રાજી થઇ જાય છે. જ્યારે તે પિતાજીના ખોળામાં બેસે છે, ત્યારે તે પેલી ટોપીને પિતાજીના માથા પર રીખી દે છે અને માને છે કે મેં પિતાજીને ઘણી ઉત્તમ ચીજ આપી દીધી. પરંતુ તે ટોપી પિતાજીને માટે બરાબર છે શું? પિતાજીને તે ટોપી પહેરાવાથી ચાલશે શું? એવી જ રીતે લોકો સંતોને ભેટ ચઢાવે છે. કપડા આપે છે, ઉત્તમ ઉત્તમ ભોજન કરાવે છે. તેઓ માનો તેમને રેશમી ચમકદાર ટોપી પહેરાવે છે! આ તેમનું બાળપણ જ છે. આ સંતોની અસલી સેવા નથી. સંતોની અસલી સેવા છે—પોતાનું કલ્યાણ કરવું. આપણે પોતાનું કલ્યાણ કરી લઇએ તો તેઓ રાજી થઇ જશે. તેમનો પ્રયત્ન સફળ થઇ જશે. તેમનું કહેલું—સાંભળેલું સફળ થઇ જશે. સમજી લો પૈસાથી કદી કલ્યાણ થતું નથી.

આજે માણસોનાં મનમાં પૈસાનું મહત્ત્વ બેસી ગયું છે. તે દરેક જગાએ માને છે કે પૈસાથી જ કલ્યાણ થાય છે. અરે ભાઇ! પૈસા એક જડ વસ્તુ છે એનાથી જડ ચીજો જ ખરીદી શકાય છે. પરમાત્મા ખરીદી શકાતા નથી. જો પરમાત્મા ધનથી ખરીદાઇ જાત તો અમારા જેવાઓની શી દશા થાત? ઘણું મુશ્કેલ થઇ જાત! પણ એવી વાત નથી.

નામજપ વિષે માર્ગદર્શન (૩)

—યોગેશ્વરજી

પ્રશ્ન : તમે પહેલાં જે સંક્ષિપ્ત ગાયત્રી મંત્રનું વર્ણન કરેલું તેના જપનો કોઇ વિધિ છે ખરો?

ઉત્તર : તેના જપનો કોઇ ખાસ વિધિ નથી. બીજા મંત્રોની પેઠે તેને પણ સ્નાનાદિથી પરવારીને જપી શકાય છે. પરંતુ મુખ્ય મુદ્દો એ છે કે જે જપ થાય તે બનતી સ્થિરતા અથવા તો એકાગ્રતાથી થવા જોઇએ અને તેની પાછળ લગન હોવી જોઇએ. ગાઢ શ્રદ્ધા હોવી જોઇએ તથા ઈશ્વરપ્રેમનું પીઠબળ હોવું જોઇએ. માણસો વિધિવિધાન પ્રત્યે વધારે ધ્યાન આપે છે. વિધિવિધાનનું અમુક અંશે મહત્ત્વ પણ છે, પરંતુ વિધિવિધાન જ જપનું સર્વસ્વ છે એવું ન કહી શકાય. એનું સર્વસ્વ તો ઈશ્વર પ્રત્યેની ભક્તિ, શ્રદ્ધા તથા વ્યાકુળતા છે. તેનો ઉદ્ભવ થવાથી જપ ફળે છે અથવા તો ધારેલું ફળ આપી શકે છે.

પ્રશ્ન : પરંતુ જપ કરનારા કેટલાય લોકો શાંતિથી રહિત દેખાય છે તેનું કારણ?

ઉત્તર : કારણ તેનાં ઘણાં છે. પરંતુ એક મોટું કારણ એ છે કે જપ કરનારે પોતાની હૃદયની શુદ્ધિ પ્રત્યે પૂરતું ધ્યાન આપ્યું નથી હોતું. એટલે તેનું મન હંમેશા લાલસાયુક્ત રહે છે. જો જપ કરનાર સંખ્યાનું જેટલું ધ્યાન રાખે છે તેટલું ધ્યાન મનની સુધારણાનું રાખે, તો મનની શાંતિ સહજ બને. જપ જડ અથવા યાંત્રિક ના બની જાય, પરંતુ આત્મોન્નતિના સાધનરૂપ થાય. જપ કરનારે પોતાના સ્વભાવને ઉત્તરોત્તર સાત્વિક કરવા તરફ ખૂબ ધ્યાન આપવું જોઇએ. એમ કરવાથી અશાંતિની ફરિયાદ દૂર

થઈ જશે.

પ્રશ્ન : જપ કરતાં કરતાં ઊંઘ આવે છે. તો તેને માટે શું કરવું?

ઉત્તર : જપ કરતાં પહેલાં પૂરતી ઊંઘ લઈને પછી જ જો જપ કરવામાં આવશે તો જપ કરતી વખતે ઊંઘ નહીં આવે. ઊંઘ આવવાની ફરિયાદ આપોઆપ દૂર થઈ જશે. જો ઊંઘ આવે તો આસનનો ત્યાગ કરીને ઊભા થઈને થોડીવાર આંટા મારતાં કે ફરતાં ફરતાં જપ કરો. એમ કરવાથી સુસ્તી ઊડી જશે અને ઊંઘનો પ્રશ્ન નહીં સતાવે. સુસ્તી દૂર થઈ જાય પછી જ આસન પર બેસીને ફરીવાર જપ કરી શકો છો.

પ્રશ્ન : જપ એકલા કરવા કે જપની સાથે કોઈક રૂપનું ધ્યાન પણ કરવું જોઈએ?

ઉત્તર : નામજપની સાથે કોઈક રૂપનું ધ્યાન કરવું જોઈએ, એવો કોઈ ચોક્કસ નિયમ નથી. રૂપનું ધ્યાન કરી શકાય પણ ખરું અને ન કરીએ તો પણ ચાલે. એ બાબતમાં તમને શું પસંદ છે અથવા તો તમારું મન શેમાં લાગે છે તે તમારે નક્કી કરવાનું છે. જો જપનો અભ્યાસ કરતી વખતે તમારું મન સહેલાઈથી વશ કે એકાગ્ર થઈ જતું હોય તો મનની સ્થિરતા માટે એકલા જપનું અનુષ્ઠાન જ તમારે માટે પૂરતું થઈ પડશે. પરંતુ જપ કરતાં કરતાં જો એકાગ્રતાની સિદ્ધિ ન થઈ શકતી હોય તો જપ કરતી વખતે તમારી રુચિ પ્રમાણેના રૂપની પસંદગી કરીને તેમાં મનને સ્થિર કરવાનો પ્રયાસ કરો. જો તમને ઈશ્વરના સાકાર સ્વરૂપના સાક્ષાત્કારની ઇચ્છા હોય તો રૂપની પસંદગી તમારા માટે અત્યંત ઉપયોગી થઈ પડશે. તમારા ભાવો કે વિચારોને પ્રાર્થનાની મદદથી એ રૂપ પ્રત્યે વહેતા કરી શકશો. તમારા

ભક્તિભાવને એમાં સ્થિર કરી શકશો. અને એવી રીતે એ રૂપના માધ્યમથી ઈશ્વરની પાસે પહોંચી ઈશ્વરના સર્વવ્યાપક વિરાટ સચ્ચિદાનંદ સ્વરૂપનો સાક્ષાત્કાર કરી શકશો. નામજપનો આધાર જો કેવળ મનની સ્થિરતાને માટે, શાંતિને માટે, તથા ઈશ્વરના નિર્ગુણ સ્વરૂપના સાક્ષાત્કાર માટે લેતા હો તો રૂપનું ધ્યાન કરવાની આવશ્યકતા નથી રહેતી. એવે વખતે શરીરના કોઈક કેન્દ્રમાં કે મંત્રમાં ધ્યાન કરી શકાય છે. એટલે તમને શું ફાવે છે કે પસંદ પડે છે એના પર બધો જ આધાર છે.

પ્રશ્ન : કેટલા નામજપ કરવાથી ઈશ્વરદર્શન થઈ શકે?

ઉત્તર : ઈશ્વરદર્શનને માટે નામજપની કોઈ ચોક્કસ સંખ્યા નથી કહી શકાતી. બધો જ આધાર તમારા હૃદયની શુદ્ધિ પર, મનની એકાગ્રતા પર, વાસનાઓની નિવૃત્તિ પર, ઈશ્વરને માટેના પ્રબળ, પરમ પ્રબળ પ્રેમના પ્રકટવા પર, તેમ જ ઈશ્વરના દર્શનને માટેની વ્યાકુળતા પર રહે છે. નામજપ સાધન છે. એક સચોટ સાધન છે અને એના અનુષ્ઠાનથી એવી સિદ્ધિ કરવાની છે. ઈશ્વરદર્શનનો આનંદ ત્યારે જ મળી શકે છે. એ આનંદ ન મળે ત્યાં સુધી નામજપ કરતાં રહેવું એ જ ઉચિત છે.

પ્રશ્ન : ભગવાનના કોઈપણ નામના જપ બે રીતે થઈ શકે છે. એક રીત તો હાલતાં ચાલતાં કે ગમે તે કામ કરતાં જપ કરવાની છે. અને બીજી રીત શાસ્ત્રોમાં કહેલી વિધિ પ્રમાણે, આસન પર બેસીને જપ કરવાની છે. એને કોઈ મંત્રના અનુષ્ઠાન તરીકે પણ ઓળખવામાં આવે છે. હવે પ્રશ્ન એ થાય છે કે પોતાની મનોકામના પૂર્ણ કરવાની ઈચ્છા રાખનારા સકામ ભક્તે એ બન્નેમાંથી કયી રીતનો આધાર લેવો?

ઉત્તર : સકામ ભક્તે શાસ્ત્રોમાં કહ્યા પ્રમાણેની પદ્ધતિ દ્વારા

વિધિપૂર્વક જે રીતે થતું હોય તે જાતનું અનુષ્ઠાન કરવું તે જ બરાબર છે. કેમ કે શાસ્ત્રોમાં વર્ણવેલી અલગ—અલગ મંત્રના અનુષ્ઠાનની જે પદ્ધતિઓ છે, તે મુખ્યત્વે સકામ ભક્તની જુદી જુદી કામનાની પૂર્તિ માટે જ નક્કી કરવામાં આવી છે. હાલતાં ચાલતાં કે ગમે ત્યારે અને ગમે તે દશામાં જે જપ કરવાના છે, તેમનો ઉદ્દેશ મોટે ભાગે કોઈ લૌકિક કે પારલૌકિક કામનાની પૂર્તિનો નહીં, પરંતુ મનની પવિત્રતાને વધારવાનો, એકાગ્રતાનો તથા ઈશ્વરપ્રેમ કેળવવાનો, શાંતિની પ્રાપ્તિ કરવાનો ને છેવટે ઈશ્વરના દર્શનનો લાભ મેળવવાનો છે. સકામ ભક્ત એવા જપનો આધાર લઈ શકે ખરો. પરંતુ એમની દ્વારા એની કામના પૂરી થશે જ એ ચોક્કસ ગેરંટી ના આપી શકાય. જ્યારે વિધિપૂર્વક કરાયેલું મંત્રાનુષ્ઠાન તો અચુક ફળે જ છે, ને ધારેલું કામ સિદ્ધ કરે છે. હાલતાં ચાલતાં પ્રેમપૂર્વક જપ કરવાની પદ્ધતિ વધારે ભાગે એકમાત્ર ઈશ્વરની કૃપાની કામનાવાળા નિષ્કામ ભક્તને માટે છે. નિષ્કામનો અર્થ ઈશ્વર સિવાયની બીજી કામનાથી રહિત એવો કરવાનો છે.

પ્રશ્ન : એનો અર્થ એ કે કોઈ પણ કામનાની પૂર્તિ માટે શાસ્ત્રોમાં વર્ણવેલી વિધિ પ્રમાણેના અનુષ્ઠાનનો આધાર લેવો, અને ઈશ્વરદર્શનને માટે નિરંતર કરાતા જપનો?

ઉત્તર : હા, કોઈપણ પ્રકારની બીજી કામના નહીં રહે અને કેવળ ઈશ્વરદર્શનની ઈચ્છા રહેશે, એટલે વિવિધ વિધાનની ચિંતા વિના હૃદય ઈશ્વરને માટે જ રડવા ને પ્રાર્થવા માંડશે. લાંબા વખતના વિધિપૂર્વકના અનુષ્ઠાનો પછી, હૃદય નિર્મળ બનતાં ને પૂર્ણ વૈરાગ્યનો ઉદય થતાં, એવી દશા આપોઆપ આવશે. આ બન્ને દશા વિકાસક્રમની બે ભૂમિકા જેવી છે.

આમાંથી કયી શ્રેષ્ઠ ને કયી કનિષ્ઠ, એની ચર્ચામાં નહીં પડીએ. જેને તેમાં શ્રદ્ધા ને પ્રેમ હોય, તે તેનો આધાર લઈ શકે છે.

પ્રશ્નઃ મંત્રનું અનુષ્ઠાન કરતાં કરતાં સ્વાસ્થ્ય બગડે, કે કોઈ બીજો અંતરાય આવે, અને નિયમિત રીતે થતા મંત્રજાપમાં ભંગ થાય, તો અગાઉ કરેલી જપ સંખ્યા નિષ્ફળ જાય? એથી અનુષ્ઠાનનો ભંગ થાય? અને પાછા નવેસરથી જપ જરુર કરવા પડે?

ઉત્તરઃ તમે જે કર્મ કરો છો, તેનો નાશ નથી થતો અને વહેલું કે મોડું પણ તે અચુક ફળે જ છે, એ શાસ્ત્રવચનમાં જો વિશ્વાસ હોય, તો કરેલી જપ સંખ્યા નિષ્ફળ જાય છે એવી શંકા કરવાની જરુર નહીં રહે. કરેલું ફળે જ એ નિયમ પ્રમાણે જે કાંઈ થયું છે તે તો ઈશ્વરના દરબારમાં નોંધાઈ જ ચૂક્યું છે. ને યોગ્ય વખતે ફળ આપશે જ. એટલે સ્વાસ્થ્ય બગડે, કે બીજા અંતરાયો આવે તો પણ અગાઉ કરેલી જપસંખ્યા નિષ્ફળ નથી જતી. એથી અનુષ્ઠાનનો કામચલાઉ ભંગ થતો હોય તો પણ કાયમી ભંગ નથી થતો. સમય સાનુકૂળ થાય ત્યારથી અધૂરું રહેલું અનુષ્ઠાન એ જ વિધિથી આગળ વધારી શકાય છે. એમાં મારી દૃષ્ટિએ કોઈ પ્રકારનો બાધ નથી આવતો.

પ્રશ્નઃ જપ કરતી વખતે મન દોડાદોડ કરે છે, તો તેને એકાગ્ર કરવા માટે શું કરવું જોઈએ?

ઉત્તરઃ મનની સાચી એકાગ્રતા તો ત્યારે જ થઈ શકે કે જ્યારે મન સાત્વિક થાય, અથવા તો દૈવી સંપત્તિથી સંપન્ન બની જાય, અથવા તો જ્યારે ઈશ્વરના પ્રેમથી ઉભરાઈ જાય—એવી યોગ્યતાની કમી હોવાથી જ, મન સ્થિર, એકાગ્ર અથવા તો શાંત થઈ શકતું નથી. એટલે એકાગ્રતાની ફરીયાદ દૂર કરવા

માટે, એ યોગ્યતાને પેદા કરવાની તથા વધારવાની જરુર છે.

પ્રશ્નઃ એ વાત તો બરાબર છે. પરંતુ જપ કરતી વખતે મનને વશ કરવામાં મદદ મળે તેવાં બીજાં કોઈ સાધનો છે ખરાં? એવી કોઈ પદ્ધતિ કે ક્રિયા જે એકાગ્રતાને માટે ઉપયોગી થઈ શકે, તેની સૂચના મળી શકશે?

ઉત્તરઃ જપ કરતી વખતે મનને વશ કરવામાં મદદ મળે તેવી પદ્ધતિ કે પ્રક્રિયા પૂછતા હો, તો તે આ રહીઃ

પહેલી પદ્ધતિ શ્વાસ સાથે જપ કરવાની છે. આસન પર બેસીને જપ કરતી વખતે શ્વાસની ગતિનું ધ્યાન રાખો, અને એની સાથે જપ કરો. શ્વાસને ધીરે ધીરે અંદર લો તથા તે વખતે એક મંત્ર બોલો, ને શ્વાસને બહાર કાઢતી વખતે બીજો મંત્ર બોલો, તે રીતે કોઈ પણ પ્રકારની ઉતાવળ વિના, ધીમે ધીમે શ્વાસોશ્વાસની ક્રિયા સાથે મંત્રના જપ કરવાનું ચાલુ રાખો. મંત્ર નાનો હોય તો તો હરકત જ નથી, પરંતુ જો મોટો હોય તો તેના વિભાગ કરીને તેના જપ કરો. એમ કરવાથી ઘણી સરળતા થશે.

બીજી પદ્ધતિ વાચિક જપ કરવાની છે. જપ કરતી વખતે તદ્દન મૂંગા રહેવાને બદલે, બહુ જોરથી નહીં, પણ તમે જ સાંભળી શકો એ રીતે, બોલીને જપ કરો. બોલીને થતાં જપ એટલા બધા વેગથી ના થવા જોઈએ, કે અસ્પષ્ટ અથવા અશુદ્ધ બની જાય. જે બોલીએ તે સમજપૂર્વક અને શુદ્ધ રીતે બોલવું જોઈએ. વાચિક જપની એ પદ્ધતિથી પણ મનને એકાગ્ર થવામાં મોટી મદદ મળે છે.

ત્રીજી પદ્ધતિ જપ સાથે ધ્યાન કરવાની છે. જેના જપ કરો તેના રૂપનું ધ્યાન પણ કરતા રહો. એમ કરવાથી અર્ધુ મન

જપમાં અને અર્ધુ મન ધ્યાનમાં રોકાઇ રહેશે અને એકાગ્રતા સહેલી બનશે.

ચોથી પદ્ધતિ નિરંતર જપ કરવાની છે. જ્યારે જ્યારે અવકાશ મળે ત્યારે, અથવા અવકાશ કાઢીને પણ, મંત્રના જપ કરવાની ટેવ પાડો. એમ કરવાથી મનનો એક પ્રવાહ હંમેશા જપમાં રસ લેતો થઈ જશે. ને મનમાં એક જાતનું સંસ્કારોનું પડળ બંધાશે, જે મનને અંતર્મુખ કરવામાં મદદ કરશે.

પ્રશ્નઃ જપ કરતી વખતે સંખ્યાનું ધ્યાન રાખવાની જરુર ખરી?

ઉત્તરઃ હું એવું નથી માનતો. જપ કરતી વખતે જે સંખ્યાનું ધ્યાન રાખવાનું વિધાન છે, તે તો જપ નિયમિત, ચોક્કસ અને એકસરખા થાય તે માટે છે. એવું વિધાન ન હોય તો કોઇ આજે હજાર જપ કરે, કાલે સો સો કરે, અને પરમ દિવસે પ્રમાદી બનીને બિલકુલ ના કરે. એવી રીતે જપની પાછળ કોઇ નિશ્ચિત ધોરણ ન રહે. આ હેતુને ધ્યાનમાં રાખો તો સમજાશે કે સંખ્યાને બદલે સમયનું ધ્યાન રાખીએ તો પણ ચાલી શકે છે. એટલે રોજ આટલા હજાર જપ કરવા છે એવું નક્કી કરવાને બદલે રોજ આટલા કલાક જપ કરવા છે એવું યે નક્કી કરી શકાય. લાભ એ થશે કે સંખ્યા પૂરી કરવા માટે આજે જે ઉતાવળથી કે જેમતેમ જપ કરવામાં આવે છે, તેને બદલે શાંતિપૂર્વક ને ધીરેથી જપ થશે. કેમ કે એમાં સંખ્યાનો હિસાબ કોઇને ય નહીં આપવાનો હોય, ફક્ત એકાગ્રતા જ જાળવવાની રહેશે.

શ્રી શંકરાચાર્ય

—પ્રો. તરલા દેસાઇ

હે મૂરખ, બીજું બધું ત્યજ અને ગોવિંદને ભજ. નિરધારેલા કાળ—મરણ તો અચૂક આવશે. ત્યારે વ્યાકરણસૂત્ર 'ડુકૃઞ્કરણે' કદીયે તારું રક્ષણ નહીં કરી શકે, માટે સમજ અને ગોવિંદને ભજ.

હે મૂઢ, ધન માટેની તારી લાલસા, તૃષ્ણા છોડી દે મનમાં સદ્‌બુદ્ધિને ધારણ કર, તારા કર્મ વડે તને જે કાંઇ મળે એનાથી ચિત્તને આનંદમાં રાખ. ગોવિંદને ભજ.

કમળના પાંદડા પર વિલસતા જળબિન્દુની જેમ જીવન પણ અતિ ચંચળ છે. આપણે શરીરના રોગથી અને મનના અભિમાનથી ઘેરાયેલા છીએ. આ સમસ્ત સંસારમાં શોકની જ આણ પ્રવર્તે છે. ગોવિંદને ભજ, ગોવિંદને ભજ.

જ્યાં સુધી શરીરમાં શ્વાસ છે ત્યાં સુધી જ ઘરના માણસોનો સહવાસ છે. શ્વાસ છે ત્યાં સુધી જ તમારી કુશળતા પૂછશે, જેવો શ્વાસ ગયો ને દેહ પડ્યો કે તમારી પત્ની પણ તમારા શરીરથી ભય પામશે.

બાળક હો ત્યારે તમે રમતમાં મશગૂલ રહો છો, યુવાન હો ત્યારે યુવતીઓમાં આસક્ત હો છો, વૃદ્ધ બનતાં ચિંતાથી ઘેરાયેલા હો છો, પરમ બ્રહ્મમાં કોઇને રસ નથી.

ધન, સ્વજન, યૌવન—આ બધાંનો ગર્વ કરાય નહીં. કાળ સર્વને ચપટીમાં રોળી નાખશે. આ બધું જ મોહમાયામય છે તે

જાણી લે અને બ્રહ્મને જાણ્યા પછી બ્રહ્મની સ્થિતિને પ્રાપ્ત કરી લે.

જેનાં અંગો ગળી ગયાં છે, માથાના વાળ ધોળા થઈ ગયા છે, મોઢું દાંત વિનાનું બોખું છે, લાકડી લઈને આવજા કરવી પડે છે છતાં આશાઓ—કામનાઓનો ભારો છોડતો નથી.

જેણે ભગવદ્ગીતાનો કિંચિત્ પણ અભ્યાસ કર્યો છે, જેણે ગંગાજળનું એકાદ બૂંદ પણ પીધું છે, જેણે મુરારિનું એકાદ વાર પણ પૂજન—અર્ચન કર્યું છે, તેને યમ સાથે કદી વાદવિવાદ થતો નથી.

ફરી પાછો જન્મ, ફરી પાછું મરણ ફરી પાછું માતાના ઉદરમાં શયન. આ સંસાર બહુ દુસ્તર છે. હે મુરારિ, તારી કૃપાથી મને બચાવી લે.

ગુરુના ચરણકમળના આશ્રિત ભક્ત! ઇન્દ્રિયો અને મનની શિસ્તનું આચરણ કરીને તું જલદી સંસારમાંથી મુક્તિ પ્રાપ્ત કર, તારા આત્મામાં જ વિરાજતા પરમાત્માનો તને સાક્ષાત્કાર થશે. ગોવિંદને ભજ.

ગોવિંદને ભજ, ગોવિંદને ભજ.

—'ભજગોવિંદમ્'

બે ધર્મને એક બીજા સાથે ક્યારેય ઝઘડો હોતો નથી, બધા ધર્મોને માત્ર અધર્મ સાથે જ ઝગડો હોય છે.

મોટા મકાનમાં નાનો પરિવાર, મોંઘી દવાઓ પરંતુ નબળું સ્વાસ્થ્ય. ચંદ્રને સ્પર્શી લીધો પરંતુ પાડોશીને નહિ, આ કોઈ જીવન છે?

અરે, આપણામાંથી તો કોક જાગે!

—ડૉ.શરદ ઠાકર

જાવું બહુ કઠિન છે, કાગળ સુધી તો જા,
તળની મમત ન રાખ, પ્રથમ જળ સુધી તો જા.

આબુના ભયંકર ખતરનાક અને છતાં પણ રમ્ય ઢોળાવો પર રમકડાંની જેમ સરકતી જતી કાર આખરે એક આશ્રમ પાસે આવીને ઊભી રહી. ફટાફટ દરવાજા ઊઘડ્યાં અને અંદરથી 'અમે બે, અમારાં બે'ની જાહેરાતના ચિત્રમાં હોય છે એવું નાનું, ચાર જણાંનું બનેલું, સુખી કુટુંબ નીચે ઊતરી પડ્યું. પુરુષ, સ્ત્રી અને બે બાળકો. પુરુષે આશ્રમના બગીચાને પાણી પાઈ રહેલા માળીને પૂછ્યું : 'સચ્ચિદાનંદજીનો આશ્રમ આ જ છે ને?'

'હાજી.' માળીએ વિવેકપૂર્વક જવાબ આપ્યો : 'પધારો ને! માતાજી અંદર જ છે.'

હા, સચ્ચિદાનંદજી એ કોઈ સંતપુરુષ નહોતા, પણ સ્ત્રી હતાં, સાધ્વીજી હતાં. સત્ ચિત્ત અને આનંદના સરવાળાને સ્ત્રીલિંગ કે પુલિંગ નથી હોતું, હોઈ પણ ન શકે. એ તો મનની અંદર વ્યાપ્ત પવિત્ર આનંદની સમાધિ અવસ્થા છે.

માળીએ પ્રેમપૂર્વક મહેમાનોને આવકાર આપ્યો અને અંદરના મોટા ખંડમાં એમને દોરી ગયો. પરસેવાથી રેબઝેબ ચારેય જણાં ઠંડું પાણી પીને જરા સ્વસ્થ થયાં.

'કહાં સે આતે હો?' માતાજીએ શિષ્ટ અવાજે શરુઆત કરી.

'ગુજરાતસે.'

'તો આપણે ગુજરાતીમાં વાત કરીએ.' માતાજી હસ્યાં : 'હું પણ જન્મે ગુજરાતી છું. તમારું નામ?'

'પ્રશાંત.'

'શું કરો છો?'

'ડૉક્ટર છું. એમ. એસ. થયો છું. જનરલ સર્જરીમાં માસ્ટર ડિગ્રી મેળવેલી છે. પ્રાઈવેટ સર્જીકલ હોમ ધરાવું છું. આ મારી પત્ની છે. આ બાબો છે, નાની છે એ બેબી છે.'

'કમાઇને બેઠા છો?'

'ધરાઇ જવાય એટલું. સમૃદ્ધ છું.'

'તો પછી અહીં સુધી લાંબા થવાનું કારણ?'

'સમૃદ્ધ ખરો, પણ સુખી નથી. મનની શાંતિ માટે ભટકું છું. ક્યાંકથી તમારો રેફરન્સ મળ્યો, એટલે અહીં આવ્યો છું.'

સાધ્વીજી હસ્યાં. ડૉક્ટર સામે નજર નોંધીને જોયું. પાંચ ફીટ દસ ઇંચની હાઇટ, મજબૂત દેહકાઠી, મોંઘાદાટ પેન્ટ—શર્ટ, પ્રેમિકા જેવી પત્ની, રમકડાં જેવાં બાળકો અને આશ્રમના ઝાંપા પાસે પડેલી રૂપકડી કાર! સુખ તો આટલામાં જ પરખાઇ આવતું હતું. સમૃદ્ધિ ઘરે હશે. પણ શાંતિ? મનનું ચેન? ચિત્તનો આનંદ? એ તો આદમીની અંદર વસતો હોય, એને પારખવો શી રીતે? સાધ્વીજીએ નજરને ધારદાર બનાવી. ડૉક્ટરના મગજના પોલાણમાં ઉતારીને પાછી ખેંચી લીધી. માણસ સાચો લાગ્યો, સાત્વિક પણ...! ખરેખર એને શાંતિની ઝંખના હતી અને જબરજસ્ત હતી.

'ખરેખર શાંતિ મેળવવી છે? હું મેળવી આપું એવી!'

'હા. પણ મારા દિલને એનાથી સમાધાન મળવું જોઇએ.'

'હું કહું એમ કરવું પડશે. છે તૈયારી?'

'કસોટી કરી જુઓ. માથું માગો તો એ પણ ઉતારી દઉં.' ડૉક્ટરે કમળ પૂજા કરવાના અભિનય સાથે કહ્યું.

'તો ચાલો, ઊભા થાવ. તમારી ગાડી ભલે અહીં જ રહી. આપણે બીજી ગાડીમાં જઇએ છીએ.'

'પણ ક્યાં?'

'નીચે. આબુ રોડ.' આટલું કહીને માતાજી ઊભાં થયાં. બીજા એક ભક્ત ગાડી લઇને થોડી વાર પહેલાં જ એમને મળવા માટે આવ્યા હતા એમની ગાડી ઉછીની લીધી. એમનો ડ્રાઈવર પણ માંગી લીધો. 'હમણાં જ આવું છું' કહીને નીકળી પડ્યા. સીધા જઇ પહોંચ્યા આબુરોડની એક રેડીમેઇડ કપડાની દુકાનમાં. દુકાનદારને હુકમ કર્યો : 'એક જોડી ઝભ્ભો—લેંઘો આપ.' પેલો માતાજીને ઓળખતો હતો. એમની કાર્યપદ્ધતિને પણ ઓળખતો હતો. એટલે સૌથી સસ્તો, ઘરાકોના હાથમાં ફરીને ચોળાઇ ગયેલો, મેલોદાટ ઝભ્ભો—લેંઘો કાઢી આપ્યો.

'ડૉક્ટર, અંદરની ઓરડીમાં જઇને કપડાં બદલી આવો. તમારા કિંમતી શર્ટ—પેન્ટ અહીં જ મૂકી દો અને આ પહેરી લો.'

'કેમ, એનાથી શું વળશે?'

'એ ધીમે ધીમે સમજાશે.' માતાજી મર્માળુ સ્મિત કરી રહ્યાં હતાં. ડૉ. પ્રશાંતે આદેશનું પાલન કર્યું. ઓરડીના અરીસામાં જોયું તો હસવાનું પણ ભૂલી ગયા. આ કપડામાં એમનું તેજ, ડૉક્ટર તરીકેનું ગૌરવ, એમની આભા બધું જ ઓસરી જતું હતું.

'હવે?'

'હવે અમે જઈએ છીએ આશ્રમ તરફ ગાડીમાં બેસીને, તમારે અહીં જ રહેવાનું છે. સાંજ સુધીમાં આશ્રમ ઉપર આવી જજો. મને ખબર છે કે તમારું પાકીટ તમારી પત્ની પાસે પડ્યું છે. તમારે ઘડીયાળ, વીંટી કે ચેઈન વેચવાના નથી. કોઈની પાસેથી ઉછીના પૈસા માંગવાના નથી. તમે ડોક્ટર છો એવી ઓળખાણ કોઈને આપવાની નથી. તમારી પાસે બે કલાકનો સમય છે. જો તમે એટલા સમયમાં આવી નહિ પહોંચો તો ખોટી માથાકૂટ પડતી મૂકજો. હું તમારી ગાડી અને પરિવારને અહીં મોકલી આપીશ. સીધા અમદાવાદ જવાનો રસ્તો પકડી લેજો.' શાંતિ નામનું સ્ટેશન તમારા જેવા પ્રવાસી માટે નથી એમ સમજી લેજો. માતાજી કોઈ ગુરુ જેમ શિષ્યની આકરી કસોટી કરે એમ ડોક્ટરની સામે બીજી વાર જોયા પણ વગર ગાડીમાં બેસીને સડસડાટ ઊપડી ગયાં.

ડૉક્ટર હતપ્રભ બનીને જોતા રહ્યા. દુકાનદારે લાકડી ઉપર બાંધેલું કપડું ઝાટકીને માંખો ઉડાડવાનો અભિનય કર્યો. ઈશારો ખુલ્લો હતો : 'દુકાન આગળથી ટળો. હવા આવવા દો. અહીં શું ભિખારીની જેમ ઊભા રહ્યા છો?'

હા...! ભિખારી જ! ડૉ. પ્રશાંતના પેટમાં આંતરડાનું બુમરાણ ઊઠ્યું. કકડીને ભૂખ લાગી હતી. સવારનું કશું ખાધું ન હતું. મનમાં હતું કે માતાજીનાં આશ્રમે જઈને પેટપૂજા કરીશું. પણ માતાજીએ તો ભારે કરી. કપડાં ઉતારી લીધાં. પાછું કોઈની પાસેથી ઉધાર માંગવાની પણ મનાઈ કરતાં ગયાં.

અચાનક એમના મગજમાં વિચાર ઝબક્યો. ઉધાર

માગવાની મનાઈ છે, પણ માગવાની ક્યાં ના છે? તરત જ મનમાંથી બ્રેક લાગી, માગવું એ તો ભીખ કહેવાય. તો શું કરવું? પદયાત્રા શરૂ કરી દેવી? ભૂખ્યા પેટે બળવો કર્યો. પગ કરતાં હાથને તકલીફ દેવી બહેતર રહેશે. ભીખ તો ભીખ, અહીં કોણ પોતાને ઓળખવા નવરું બેઠું છે? ડૉક્ટરે આજુબાજુ નજર દોડાવી. સામે મંદિરના પગથિયાં પાસે પાંચ–સાત ભિખારીઓ બેઠા હતા. ગંદા, ફાટેલા કપડાં પહેરેલાં, વધેલી દાઢીવાળા, નિસ્તેજ ચહેરાવાળા, અપંગ, જુગુપ્સા ઉત્પન્ન થાય એવા...! ડૉક્ટરે વધુ વિચાર કરવાનું માંડી વાળ્યું. ભિખારીઓની વચ્ચે જઈને ગોઠવાઈ ગયા. આવતા–જતા શ્રદ્ધાળુઓ સામે હાથ લાંબો કરીને ભીખ માટે યાચના કરી.

'શું છે?' એમનો ક્લીનશેવ્ડ ચહેરો અને આંખ પરના સોનેરી ફ્રેમના ચશ્માં જોઈને એક પુરુષે પૂછપરછ કરી.

'પૈસાની જરૂર છે.'

'શરમાતો નથી? ગળામાં સોનાની ચેઈન છે, હાથમાં વીંટી અને ઘડિયાળ છે. મારા બેટા ભીખ માગીને દાગીના પહેરે છે અને અહીં સોનું જોવાના સાંસા છે! શું જમાનો આવ્યો છે?' બબડતો બબડતો પેલો પગથિયા ચડી ગયો. કદાચ આજે એ ભગવાન પાસે હાથ જોડીને માગણી પણ આવા નસીબદાર ભિખારી થવાની જ કરવાનો હશે.

ડૉક્ટરે બીજી જ મિનિટે શરીર ઉપરનો તમામ શણગાર ઉતારીને ઝભ્ભાના ખિસ્સાને હવાલે કરી દીધો. પણ ચહેરા ઉપર ઝલકતી સુંવાળપને કયાં સંતાડવી? ભિખારીનો અભિનય અસલી ભિખારીઓની પંગતમાં તો નહીં જ જામે એમ સમજીને

એ ઊભા થઇ ગયા. બાજુમાં થોડે દૂર પાનનો ગલ્લો હતો, ત્યાં જઇને ગલ્લાવાળાને આજીજી કરી 'બૉસ, વખતનો માર્યો હું વધુ કંઇ કહી શકું એમ નથી. ઉપર સુધી જવા માટેનું ભાડું આપ. તારો ઉપકાર કદી નહીં ભૂલું.'

પણ પાનવાળો પીગળ્યો નહીં. ભિખારીઓ એણે કરેલા ઉપકારને યાદ રાખે એ બાબતમાં એને ખાસ રસ જેવું લાગ્યું નહીં હોય, બહુ બહુ તો એણે મફત પાન બનાવી આપવાની ઓફર કરી. પણ એ વાત ડૉક્ટરને મંજૂર નહોતી. પાન ખાતાં ભિખારીને તો કોઇ પૈસોયે ના આપે! સમય સરકી રહ્યો હતો. ડૉક્ટર એક અવળવાણી જેવો પડકાર હારી જવાની અણી પર હતા. ભીખ માગવી અને મેળવવી પણ કેટલી મુશ્કેલ વાત છે એ આજે સમજાયું. એમણે હવે શરમ સાથે છુટાછેડા લઇ લીધા. રસ્તા ઉપર ચાલતા એક એક માણસને રોકીને રૂપિયા માગવાનું શરુ કર્યું. છેવટે એક જણ હરિનો લાલ નીકળ્યો. એમને સાવ ભિખારી માનીને નહીં, પણ સંજોગોનો શિકાર બનેલા ગૃહસ્થ સમજીને વીસ રૂપિયા આપી દીધા.

ડૉક્ટરની આંખમાં આંસુ આવી ગયાં. રૂપિયાનું આ મૂલ્ય છે? પેશન્ટની પલ્સ પર અડધી મિનિટ હાથ મૂકીને એ સો–દોઢસો રૂપિયા કમાઈ લેતા હતા. એકાદ કલાકનું ઓપરેશન દસ–પંદર હજાર રૂપિયા તાણી લાવતું હતું. પૈસો એમની પાસે બહુ સરળતાથી આવતો હતો. પણ એ તો એમની પાસે! એ જેમની પાસેથી આવતો હતો એમનું શું? એમના અસંખ્ય દર્દીઓ ગામડાંના હતાં. ગરીબ હતાં. એમણે આપેલી નોટોમાં પરસેવાની ભીનાશ હતી. એ ભીખ નહોતી, મજૂરી હતી અને

ભીખ કરતાં મજૂરીની ટંકશાળમાં બહાર પડતી કરન્સી વધુ મોંઘી હોય છે. આ વાત આજે સમજાણી. એક ટેકસીવાળો જોરજોરથી ઘરાકને ખેંચી રહ્યો હતો : એક સવારી કે બારહ રૂપયે...એક સવારી કે બારહ રૂપયે!... ડૉ. પ્રશાંતે ગણતરી કરી જોઇ. ભાડું કાઢતા આઠ રૂપિયા વધતા હતા. એટલામાં પેટ ભરીને નાસ્તો પણ થઇ જાય. પણ કોણ જાણે કેમ, હવે ભૂખ મરી ગઇ હતી. વધારાના આઠ રૂપિયા મંદિરની બહાર બેઠેલાં જાતભાઈઓ'માં વહેંચીને એ ટેકસીમાં ગોઠવાઇ ગયા. સવારી પેક' થઇ ગઇ એટલે ડ્રાઇવરે ગાડી ઉપાડી. થોડી જ વાર પછી ડૉક્ટર મા સચ્ચિદાનંદની સન્મુખ બેઠા હતા.

માતાજીએ વહાલપૂર્વક એમની સામે જોયું. પ્રસાદની થાળી મંગાવીને આગ્રહપૂર્વક ભોજન કરાવ્યું. પાણી પાયું, પછી શાંતિથી પૂછ્યું 'બેટા, કંઇ ફરક જેવું લાગે છે?'

'હા, મા! મનમાંથી અહંકાર ઓગળી ગયો. મારો પૈસો તો મારી ડિગ્રીને આભારી છે, મારી ચમક–દમકને આભારી છે, મારા કપડાંને આભારી છે. મારી ઓળખમાંથી આ બધું કાઢી નાખું તો બાકી શું રહે છે? ઊભી બજારે એક કલાક સુધી અથડાયા કરું તો યે કોઇ આ દેહને એક રૂપિયો પણ આપતું નથી.'

'બેટા, દુનિયાની કડવી વાસ્તવિકતા જોઇ લીધી ને?'

'જોઇ લીધી. મા...!'

'તારા માટે ભીખ માગી એવી બીજા માટે માગી શકાશે, બેટા?' માતાજી ધીમે ધીમે વાતનાં મર્મ તરફ આવી રહ્યાં હતાં.

'એટલે?'

'છોડી દે આ માયા તમામ! તારી જે દશા આ એક કલાક દરમ્યાન હતી, એવી જ દશા, એના કરતાં પણ વધુ દયાજનક, વધુ ક્ષોભજનક સ્થિતિ આ દેશના એંશી ટકા લોકોની છે. ઈશ્વરે તારા હાથમાં જાદુ મૂક્યો છે. એ કુદરતની કૃપાને કમાણીનું સાધન બનાવવાનું બંધ કરી દે. તારા ઈલમને છુટ્ટો મેલી દે. ચેરીટેબલ હોસ્પિટલ શરુ કર. સાવ પડતર ભાવે સારવાર, ઓપરેશન કરવાનું ચાલુ કર. પૈસા ખૂટે તો તવંગરોની પાસે જઈને હાથ લાંબો કરજે. આ જગત માત્ર ભિખારીઓથી જ ભરેલું નથી. એમાં જગડુશા જેવા દાતાઓ પણ વસે છે. તું મારી પાસે શાંતિની ખોજમાં આવ્યો હતો ને? જા, તને મારા આશીર્વાદ છે. તું ગરીબ દર્દીઓને તનની શાંતિ આપ, તારા મનની શાંતિનું મૂળ એમાં જ પડેલું છે.' માતાજીએ હથેળી ઊંચી કરી. ડૉ. પ્રશાંત પ્રણિપાતની મુદ્રામાં ઢળી પડ્યા.

આ લેખ એ મારી કવિકલ્પના નથી. આ માની ન શકાય એવી વાત જ્યારે તમે વાંચી રહ્યા હશો, બરાબર એ જ સમયે ડૉ. પ્રશાંતનું અદ્યતન ચેરીટેબલ દવાખાનું અમદાવાદના ધરણીધર દેરાસર વિસ્તારમાં શુભારંભ પામી રહ્યું હશે. તાલુકાના શહેરમાં આવેલી એમની ખાનગી, ધીકતી પ્રેક્ટિસ એમણે બંધ કરી દીધી છે. આખા પરિવારે જિંદગીની જાહોજલાલી જોઈ લીધી છે, હવે ફકીરીનો માર્ગ સ્વીકાર્યો છે. એમની પત્ની રાજીખુશીથી એમની પાછળ જ છે, અદ્દલ એ જ રીતે આજથી બાર વર્ષ પહેલાં લગ્નની ચૉરી ફરતે ચાર ફેરા ફરવામાં પતિની સાથે હતાં.

આજે એક વાત મારા ડૉક્ટર મિત્રોને પણ કહેવી છે.

ગુજરાતભરના જુનિયર–સિનિયર તબીબોએ 'ડૉ. ની ડાયરી'ને ખૂબ ખૂબ પ્રેમ આપ્યો છે. એટલે જ મારા મનમાં પડેલી વાત એમની આગળ રમતી મૂકું છું. જિંદગીના દસ, વીસ કે ત્રીસ વર્ષ ભલે નોટો છાપવામાં ગાળી દો, દુકાનો ખોલો કે પોલીક્લિનિકના અડ્ડાઓ ચલાવો, પણ ઓડકાર આવી ગયા પછી તો કંઈક વિચારો! પ્રત્યેક શહેરમાં કમ સે કમ એક તો એવો મર્દ પાકે જે આપણી જમાતને ઊજળી દેખાડી બતાવે. એમ ન માનશો કે નિશાન ફક્ત તમારી જ દિશામાં નોંધાયેલું છે, હું પણ તમારી વચ્ચે જ ઊભો છું.

બાપદાદાની બાંધેલ ડહેલી, એક મેડીબંધ હોલ હવેલી, ગામની ચિંતા ગોંદરે મેલી, સૌ સૂતાં હોય એમ કાં લાગે? આપણામાંથી કો'ક તો જાગે!

(જેને જાગવું હોય એ મારો સંપર્ક કરી શકે છે, બાકી ઊંઘવું જ હોય તો બિછાનાં ક્યાં કમ છે? હા, પૈસો પથારી આપી શકે છે, ઊંઘ નહીં.)

સંદીપ વેલ્ડીંગ વર્કસ

ગ્રીલ, દરવાજા, તેમ જ મેઈન ગેટના સ્પેશ્યાલીસ્ટ

તેમ જ

દરેક જાતનું રીપેરીંગ કામ કરનાર.

મોદી બંગલા, ઉમરા જકાત નાકા પાસે, **સુરત**-૩૯૫૦૦૭

ચલો મન સ્વર્ગારોહણ ધામ

—મહેન્દ્રભાઈ વ્યાસ

રાગ : ચલો મન ગંગા જમના તીર

ચલો મન સ્વર્ગારોહણ ધામ. (૨)
સ્વર્ગારોહણ મા—પ્રભુ બસત હૈ,
કૃપાનિધાન ભગવાન. ચલો.
પ્રણામ, જપ, તપ, કિર્તન મંડિત,
હો જાયે કલ્યાણ.. ચલો.
સ્વર્ગારોહણ શાંતિધામ હૈ,
બ્રહ્માનંદ છવાય.. ચલો.
જગબંધનસે મુક્તિ મિલત હૈ,
'મા' દર્શન હો જાય.. ચલો.
પ્રભુ પદાવલિસે પાવન ધરતી,
સુંદર ઔર સુખધામ.. ચલો.

----- ॐ ------

લઈ લે "હરિ"નું નામ

—જનકભાઈ ઝીંઝુવાડિયા

લઈ લે "હરિ"નું નામ મનવા લઈલે "હરિ"નું નામ.
સાથી નહીં ના કો સંગાથી, રહેશે બધું અહી આમ.
મનવા લઈલે "હરિ"નું નામ.

માળા તૂટી મણકા તૂટ્યા, શ્વાસના પરપોટા ફૂટ્યા.
અહીં દોડ્યો ને તહી દોડ્યો તું, પડતું મુક તમામ.
મનવા લઈલે "હરિ"નું નામ.

મેવાડે મીરાં નાચી ને ગઢમાં નરસૈયાનું નામ.
"करिष्ये वचनं तव" તો મળશે મનવા શ્યામ.
મનવા લઈલે "હરિ"નું નામ.

ભેગું કર્યું ભાથું જે જગમાં રહેશે બધું, અહીં આમ,
સમજી જા મનવા ધરી લે હરિ નું ધ્યાન.
મનવા લઈએ "હરિ"નું નામ.

સંક્ષિપ્ત ગાયત્રીમંત્ર

–પ.પૂ.યોગેશ્વરજી

હિમાલયનો પુણ્યપ્રદેશ. એમાં ગંગાના પ્રશાંત તટ પર વસેલું શાંત અને સુંદર સ્થળ હૃષિકેશ. ઈ.સ.૧૯૪૩ની સાલ.

એ વખતે હૃષિકેશ આટલું બધું આધુનિક તેમજ વસતિવાળું ન હતું. એની અસાધારણ શાંતિ તથા પ્રાકૃતિક સુંદરતાથી મુસાફરો મંત્રમુગ્ધ બનતા. જો કે આજે એની વસતિ વધી છે ને પ્રતિવર્ષ ભારતના બીજા પ્રદેશોની પેઠે વધતી જાય છે, છતાં લોકોનું આકર્ષણ એવું જ અબાધિત રહ્યું છે. લોકો એની અસાધારણતા જોઈ સ્તબ્ધ બને છે ને શું અવર્ણનીય સૌંદર્ય છે! શું ઊંડી શાંતિ છે! જાણે સ્વર્ગ જ જોઈ લો! એવા આશ્ચર્યજનક ઉદ્‌ગાર કાઢે છે. એના વિશાળ ત્રિવેણીઘાટ, શાંત સમાધિ ધરીને ઊભા રહેલા માયાકુંડ, પ્રવાસીના શબ્દોના પ્રતિધ્વની પડનારી વસુધારા, કાળી કમળીવાળાની સાધુસેવાનું વ્રત લઈને શરુ થયેલી સંસ્થા સ્વર્ગાશ્રમ ને લક્ષ્મણ ઝૂલાનું નિરીક્ષણ કરીને આશ્ચર્ય અને આનંદમાં ગરકાવ બનેલો પ્રવાસી એ પુણ્યપ્રદેશના પ્રવાસનું સુભાગ્ય સાંપડવા બદલ, પોતાની જાતને ધન્ય કૃત્યકૃત્ય માને છે અને ઘડી બે ઘડી પરમાત્માની પરમ રહસ્યમયી લીલાનું સ્મરણ કરતો થઈ જાય છે.

જેણે એ પુણ્યપ્રદેશનો પ્રવાસ કર્યો હશે. તેને એની અજબ સંમોહશક્તિનું સ્મરણ હશે જ.

એ પ્રશાંત પ્રદેશના મારા નિવાસ દરમ્યાન એક ઉચ્ચ

કોટિના મહાત્મા પુરુષે મને રોજના હજાર ગાયત્રી મંત્રના જાપ કરવાની સૂચના કરી. અમુક સંખ્યાના જપ કરવાથી માનસિક શાંતિ પ્રાપ્ત થશે એવું એમનું કહેવું હતું. એ દિવસોમાં મારે માનસિક શાંતિ તથા આત્મવિકાસ માટે આગળના માર્ગદર્શનની આવશ્યકતા હતી, એટલે મહાત્મા પુરુષની સૂચનાને મેં સપ્રેમ વધાવી લીધી.

શ્રદ્ધા, ઉત્સાહ ને ભક્તિભાવથી પ્રેરાઈને થોડા વખતમાં જ મેં ગાયત્રીના જપ શરુ કર્યા.

શાસ્ત્રોમાં ગાયત્રી વિશે તો ઘણું ઘણું કહેવામાં આવ્યું છે. એની જપવિધિ પણ બતાવવામાં આવી છે. જેને ગાયત્રીનું પુરશ્ચરણ કરવું હોય તેને માટે પથદર્શન પણ પૂરું પાડવામાં આવ્યું છે. રોજના હજાર ગાયત્રીજપ કરનારના જીવનમાર્ગમાંથી મોટામાં મોટી મુશ્કેલીઓ પણ દૂર થાય છે અને એનો માર્ગ સરળ બની જાય છે તથા એને સર્વ પ્રકારે સુખ, શાંતિ ને સમૃદ્ધિની પ્રાપ્તિ થાય છે, એવી અનુભવવાણી પણ એમાં ઉચ્ચારવામાં આવી છે. એનું પ્રયોજન સાધકોના દિલમાં પ્રેમ ને શ્રદ્ધાની અભિવૃદ્ધિ કરવાનું હોય છે. પરંતુ મને તો એ મંત્રના જપથી લાભ થયો જ. ત્રણેક મહિનામાં તો હું એની અસર અનુભવી શક્યો. મને શાંતિ મળી, પ્રકાશ જડ્યો અને આગળનો મારો સાધનામાર્ગ ખુલ્લો થયો. મારા અંતરમાં આનંદ ફરી વળ્યો.

છતાં મને એટલું તો લાગ્યું જ કે ગાયત્રીમંત્ર પ્રમાણમાં વધારે લાંબો છે, ને જપનારની ધીરજની કસોટી કરે એવો છે.

મને થયું:—કોઈ ટૂંકો મંત્ર કેવી રીતે મળે? પહેલાંના ઋષિઓ મંત્રદૃષ્ટા કહેવાતા; કારણ તેમને પરમાત્માની કૃપાથી સમાધિમાં મંત્રોનું દર્શન થતું. એ કાળ તો ચાલ્યો ગયો. હવે કાંઈ એવું બની શકે? એવા ઋષિ અને એવા લોકોત્તર અનુભવો કાંઈ આ જમાનામાં હોય?

એવા વિચાર કરી રહ્યો હતો ત્યાં તો એક ધન્ય દિવસે એક વિલક્ષણ અનુભવ થયો.

સમાધિની અલૌકિક અવસ્થામાં મને કોઈ સિદ્ધપુરુષોની મંડળી દેખાઈ. સિદ્ધપુરુષોમાંના કેટલાકના હાથમાં ઢોલક ને કરતાલ તથા મંજીરાં હતાં. તે બધા ચૈતન્ય મહાપ્રભુની જેમ સમૂહનૃત્ય કરતા ધીરે ધીરે આગળ આવ્યા ને સંવાદી સુધામય સ્વરમાં ગાવા માંડ્યા. એમનો સ્વર અત્યંત આહ્‌લાદક, મધુર ને સ્પષ્ટ હતો:

ૐ ભૂર્ભુવઃ સ્વઃ,
ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ
ૐ ભૂર્ભુવઃ સ્વઃ,
ભર્ગો દેવસ્ય ધીમહિ ધિયો યો નઃ

એ પ્રમાણે અવિરામ રીતે, એ ઉપરાછાપરી ગાયે જતા હતા. એમનું સંગીત સાંભળી કાન અમૃતમય બન્યા, જીવન ધન્ય થયું. લગભગ વીસથી પચીસ મિનિટ એ અનુભવ ચાલુ રહ્યો. પછી મારી સમાધિ દશાનોય અંત આવ્યો, મને ભાન આવ્યું. હંમેશના નિયમ મુજબ મેં એ અનુભવ નોંધપોથીમાં લખી લીધો.

એ સંક્ષિપ્ત ગાયત્રી મંત્રનો જપ એ પછી મેં અનેકવાર કર્યો છે. એથી મને લાભ પણ થયો છે, કોઈ પ્રકારનું નુકશાન તો નથી થયું.

વૈદિક કાળના પ્રાતઃસ્મરણીય ઋષિવરોને અતીન્દ્રિય અવસ્થામાં જે અવનવા મંત્રો મળતા, તે આવી રીતે પણ મળતા હશે તેની મને ખાતરી થઈ. એ મંત્રોની પ્રાપ્તિ કે ઉપલબ્ધિના પ્રકાર બીજા કેટલાક પણ છે, એવું અનુભવને અંતે જણાયું છે, પરંતુ આ પણ એક પ્રકાર છે એ ચોક્કસ છે.

એ સિદ્ધપુરુષો કોણ હશે તે તો ઈશ્વર જાણે; પરંતુ તેમણે મને દર્શન દઈ એક અવિસ્મરણીય, અમુલખ વસ્તુની ભેટ આપી એ માટે એમનો આભારી છું.

જેમની પણ ઈચ્છા હોય તે આ સંક્ષિપ્ત ગાયત્રીમંત્રનો લાભ લઈ મદદ મેળવી શકે છે. આ સ્વાનુભવ પ્રસંગના રહસ્યોદ્‌ઘાટન પાછળનો હેતુ છે—બીજાને મદદરૂપ થવાનો.

સ્થાપત્ય કન્સ્ટ્રક્શન
પ્રો. મનીષ હરિભાઈ ભોજાણી,
બિલ્ડર્સ એન્ડ ડેવલપર્સ,
મધુર કોમ્પ્લેક્ષ, શનાળા રોડ, મહારાજા ટાઈલ્સ સામે,
મોરબી—૩૬૩૬૪૧.
ફોન : (ઓફિસ) ૨૨૧૩૮૧, (રહેઠાણ) ૨૩૦૨૨૨.

જીવાત્માનું કાર્ય

—શ્રી અરવિંદ

આપણી સાથે સંબંધ ધરાવતી કોઇ પણ વ્યક્તિનું મૃત્યુ થાય છે ત્યારથી શરુ કરી તેને સ્મશાન–યાત્રામાં વળાવતી વખતે, અને પછી પણ અમુક દિવસો સુધી તો આપણે ખુબ રોકકળ કરીએ છીએ. પરંતુ મૃત્યુ શું છે? કોનું મૃત્યુ થાય છે? અને આપણે શું કરવું ઈષ્ટ છે તે આપણે જાણતા નથી.

જ્યારે માણસ દેહનો ત્યાગ કરે છે, દેહ છોડે છે, ત્યારે તેનો અંતર આત્મા યાને જીવ થોડા સમય પછી જીવલોક (Psychic World)માં ચાલ્યો જાય જાય છે અને ત્યાંથી, પૃથ્વી ઉપર બીજો જન્મ લેવાનો, થોડા સમય પછી ધારણ કરવાનો સમય આવે છે, ત્યાં સુધી આરામ લે છે. આ રીતે આપણે જોઇ શકીએ છીએ કે મૃત્યુ પછીનું જીવન બે ભાગમાં વહેંચાઇ જાય છે.

(૧) દેહમાંથી નીકળી જીવલોકમાં પહોંચવા સુધીનો યાત્રાકાળ અને

(૨) આરામનો કાળ

જે લોકો હજી પૃથ્વી પર જીવતા છે અને જે તેના મિત્રો સગાસંબંધીઓ અને ભલું ઈચ્છવાનો દાવો કરનારા હોય છે તેઓ તેને આ બાબતમાં મદદ કરી શકે છે. પરંતુ સામાન્ય રીતે તો, લોકો મરનારની પાછળ શ્રાદ્ધ વગેરે ક્રિયાઓ કરે છે અને એમ માની લે છે કે અમે તેના તરફના કર્તવ્યનું પાલન કર્યું છે એટલે તેનાથી ભલુ થશે પરંતુ, ખરું જોતાં, આ બધી બાબતો તેની યાત્રાને સરળ સુલભ બનાવવાને બદલે કેટલીયે વધારે

કઠણ બનાવે છે અને તેને પાછો ખેંચે છે. સાચી મદદ તો તેને ત્યારે જ મળે છે જ્યારે તેના તરફ તેઓ આસક્તિ વિનાનો ભાવ બતાવે છે અને શાંત ભાવથી તેને માટે પ્રાર્થના કરે છે એના ભલા માટે સદભાવના કરે છે.

સામાન્ય રીતે, ઘણી ખરી વખત મૃત પામેલ વ્યક્તિને ભૂલી જવી એ જ તેને મદદ પહોંચાડવાનો સૌથી ઉત્તમ ઉપાય સાબિત થાય છે.

પરંતુ જે પ્રભુનો છે અને સત્યને અર્થે જીવવા ચાહે છે તે જાણે છે કે જ્યાં સુધી આ પૃથ્વી ઉપર તેની ઉપયોગીતા હશે ત્યાં સુધી પ્રભુ તેને જીવતો રાખશે અને જ્યારે તેણે અહીં કંઇ કરવાનું નહીં હોય ત્યારે તેને ઉપાડી લેશે એટલે આ પ્રશ્ન જ ઉભો થઇ શકતો નથી, કારણ કે પ્રભુની પરમ પ્રજ્ઞા ઉપરના અવિચલ સાથે એ શાંતિપૂર્વક જીવી રહેશે.

—શ્રી અરવિંદ

ગતાત્મા માટે

આપણે રડીએ, કકળીએ છીએ તે માત્ર આપણી પરિસ્થિતિ પર. આપણે જેનામાં ભારેમાં ભારે રાગ હતો તે જીવ આપણા બચાવવા પ્રયત્નો છતાં, આપણી અનિચ્છા છતાં ચાલ્યો ગયો છે તેથી રડીએ છીએ. તેના અભાવે હવે આપણને કેવી વિટંબણા સહન કરવાની આવશે તેના ખ્યાલથી આપણે શોક કરીએ છીએ. આપણે પોતે જ સહાયને પાત્ર બની જઇએ છીએ. જોકે આપણે હજી અનેક પુરુષાર્થ અને પરાક્રમની ક્ષમતા ધરાવતા પંચમહાભૂતના શરીર સાથે જીવી રહ્યાં છીએ, તો પણ આપણને

ખ્યાલ પણ નથી આવતો કે જીવ ગયો છે તે આપણા પ્રાકૃત વર્તનથી પીડાય છે. જો પ્રેમ હોય તો ગયેલ જીવની હવે જે રીતથી, જે સાધનોથી સેવા થઇ શકે, તેને શાંતિ, કરાર વળે તેવી રીતે કંઇ કરી છૂટવાની વૃત્તિ, ભાવના થવી જોઇએ. પ્રેમ પોતાના પ્રીતિપાત્રના સુખનો જ વિચાર કરે છે. પોતાના સુખચેનનો નહીં પણ આપણે આ રીતે બીજા કોઇના અવસાનકાળે વર્તી શકતાં નથી. આથી સિદ્ધ થાય છે કે આપણને ગયેલ જીવ માટે પ્રેમ ન હતો, માત્ર મૂઢ મોહ કે રાગ જ હતો. જો જીવતો જાગતો પ્રચંડ પ્રેમ હોય તો તે આપણને સુયોગ્ય રીતે જ વર્તન કરવા પ્રેરે.

આથી મરેલાની પાછળ ખૂબ ધીરજ, શાંતિથી, ચિરાયેલાં હૃદયમાંથી નીકળતી આર્દ્ર પ્રાર્થના પ્રભુ પ્રત્યે મૃતાત્માની શાંતિ માટેર કરવી જોઇએ. આ જ સાચી સેવા છે. ભાગવતમાં ‘સ્વજન’ની વ્યાખ્યા આપી છે કે જે ભગવાનનો ભાવ આપણામાં જગાડે ને વધારે તે જ આપણું સ્વજન.

—પૂ.મોટા

બે વ્યક્તિઓથી ખાસ ડર રાખજો—એક ઇશ્વરનો અને બીજો જેને ઇશ્વરનો ડર નથી એનો.

આવક વધી પરંતુ મનની શાંતિ ઘટી, બુદ્ધિ ઉંચી પરંતુ સભ્યતા ઓછી, જાણકારી બહુ પરંતુ જ્ઞાન ઓછું, માણસો બહુ પરંતુ માણસાઇ ઓછી.

પ્રશ્નોત્તરી

—યોગેશ્વરજી

ભક્તિ

પ્રશ્ન : ઈશ્વરની પ્રાપ્તિનું સહેલું સાધન કયું?

ઉત્તરઃ સહેલું તો કોઈયે સાધન નથી. જે છે તે બધાં જ સાધનો અઘરાં અથવા તો કષ્ટસાધ્ય છે. દરેકમાં કાંઇ ને કાંઇ પરિશ્રમ તો પડવાનો જ છે. ઈશ્વરપ્રાપ્તિની વાત કાંઇ તૈયાર ભાણે જમવા જેવી થોડી જ છે કે જલદી જલદી જમી લેવાય? તેને માટે ભારેમાં ભારે ભોગ આપવો પડે છે.

પ્રશ્ન : કહે છે ને કે ભક્તિ સૌથી સહેલું સાધન છે?

ઉત્તરઃ ભક્તિને સહેલું સાધન કહેનારા ભક્તિનો માર્ગ કેટલો બધો કપરો તથા મુસીબતોથી ભરેલો છે તે કદાચ નહીં જાણતા હોય. ભક્તિને તો શીશતણું સાટું કહેવામાં આવી છે. એનો આધાર લેનારને અનેક જાતની મુસીબતોનો સામનો કરવો પડે છે, કષ્ટો વેઠવાં પડે છે અને ચિંતા તેમજ અગ્નિ—પરીક્ષામાંથી પસાર થવું પડે છે. મીરાં, નરસિંહ, પ્રહલાદ ને તુકારામ જેવા ભક્તાત્માના જીવનનો વિચાર કરો તો સહેજે સમજાશે કે ભક્તિ કોઇ રમત નથી ને ધાર્યા જેટલી સહેલી પણ નથી. હા, તેને સરળ સાધન અથવા સૌ કોઇને અનુકૂળ આવે એવું સાધન જરુર કહી શકાય. કેમકે યોગ ને જ્ઞાનના સાધન કરતાં તે વધારે સરળ છે. તથા તેનો લાભ પણ સૌ કોઇ લઇ શકે છે.

પ્રશ્ન : કોઇના જીવનમાં સાચી ભક્તિ પ્રકટ થઇ છે એવું

ક્યારે સમજી શકાય?

ઉત્તર : એનાં અમુક લક્ષણો છે. જ્યારે સાચી ભક્તિ પ્રગટે છે, ત્યારે ભક્તનું મન સંસારના બધા જ રસ, વિષય, કે પદાર્થોમાંથી પાછું વળીને, કેવળ ઈશ્વરમાં જ લાગી જાય છે. ઈશ્વર વિના એનું મન બીજા કશાને ભજતું, રટતું, ઝંખતું અથવા ચાહતું નથી. ઈશ્વરને માટે એ આકુળવ્યાકુળ બની જાય છે. ઈશ્વરનું સ્મરણ કરતાંવેંત, ભક્તનું હૃદય ભાવથી ભરાઈ જાય છે, એની આંખમાંથી અનુરાગનાં અશ્રુ ટપકે છે. અને એનું અંગેઅંગ ઈશ્વરને મળવા માટે આતુર બની જાય છે. એવી દશા એક બે દિવસ માટે નહીં, પરંતુ દિવસો, મહિના ને વરસો સુધી રહે, ત્યારે ભક્તિ થઈ એમ કહેવાય છે. એને પરમપ્રેમનું બીજું નામ પણ આપી શકો.

પ્રશ્ન : ભક્તિના પ્રકાર કેટલા છે તે કહેવાની કૃપા કરશો?

ઉત્તરઃ ભક્તિના પ્રકાર મુખ્યત્વે તો બે છે. સગુણ અને નિર્ગુણ અથવા તો સાકાર અને નિરાકાર.

પ્રશ્ન : સગુણ અને નિર્ગુણ અથવા સાકાર અને નિરાકાર ભક્તિ કોને કહેવાય?

ઉત્તર : એનું સ્પષ્ટીકરણ એ નામ પરથી જ મળી રહે છે. પરમાત્માને નિર્ગુણ, નિરાકાર અને સમસ્ત સંસારમાં વ્યાપક સમજીને જે ભક્તિ કરાય છે, તેને નિર્ગુણ કે નિરાકાર ભક્તિ કહેવામાં આવે છે, તથા કોઈ એક કે વિશેષ ગુણથી યુક્ત અથવા તો રૂપથી સંપન્ન સમજીને જે ભક્તિનું આલંબન લેવામાં આવે છે તે ભક્તિને સગુણ કે સાકાર ભક્તિ કહેવામાં આવે છે. બંને પ્રકારની ભક્તિનું ફળ એક જ છે, અને તે પરમાત્માનો સાક્ષાત્કાર છે. એ સાક્ષાત્કારનું સ્વરૂપ જુદું હોય છે. પરંતુ એથી

પરમ શાંતિ તથા મુક્તિની પ્રાપ્તિ થાય જ છે.

પ્રશ્ન : તમે કહી શકો છો કે બંને પ્રકારની ભક્તિમાં સાક્ષાત્કારનું સ્વરૂપ જુદું હોય છે તો તેનો ભાવાર્થ સમજાવશો?

ઉત્તરઃ તેનો ભાવાર્થ આટલી ચર્ચા વિચારણા પછી તમે હજુય નથી સમજી શક્યા? નિર્ગુણ કે નિરાકાર માર્ગની ભક્તિનું આલંબન લેનાર ભક્તને પરમાત્માનો સાક્ષાત્કાર પોતાની અંદર થાય છે. હૃદય પ્રદેશમાં વિરાજેલા પરમાત્માની અનુભૂતિ કરીને એ ધન્ય બને છે. એ જ્ઞાની કે યોગી ભક્તનો માર્ગ પણ કહેવાય છે; નરસિંહ મહેતાની જેમ પછીથી એવો ભક્ત ‘અખિલ બ્રહ્માંડમાં એક તું શ્રીહરિ જૂજવે રૂપે અનંત ભાસે.’—નો અનુભવ કરવા માંડે છે. સમસ્ત બ્રહ્માંડને તે પરમાત્માનો આવિર્ભાવ કે પ્રતીકરૂપે માને છે. ‘પવન તું, પાણી તું ભૂમિ તું ભૂધરા’નો અનુભવ એને માટે સહજ બની જાય છે. સંસારને એ પરમાત્માથી પૃથક નથી મનતો. પરંતુ પરમાત્માના સાકાર સ્વરૂપ તરીકે જ જુએ છે અથવા તો અનુભવે છે. પ્રહલાદ, મીરાં તથા ગોપીઓની દશા આવી જ હતી. ભાગવતના ગોપીગીતમાં ગોપીઓએ પોતાની એ ધન્ય દશાનું પ્રતિબિંબ પાડતાં એટલા માટે જ કહ્યું છે કે કૃષ્ણ! અમે તમને નંદયશોદાના પુત્ર નથી સમજતી. પણ સમસ્ત વિશ્વના અંતરાત્મા માનીએ છીએ. ‘ન ખલુ ગોપીકા નંદનો ભવાનખિલ વિશ્વનામંતરાત્મક.’

પ્રશ્ન : સગુણ કે સાકાર ભક્ત પરમાત્માને એ રીતે સમસ્ત વિશ્વમાં વ્યાપકરૂપે નથી અનુભવતો?

ઉત્તર : અનુભવે છે. આગળ જતાં તો એ પણ એવો અનુભવ કરે છે, અને સંત તુલસીદાસની જેમ પોતાના ઉપાસ્યને

ચરાચર જગતમાં બધે જ જુએ છે. તુલસીદાસે કહ્યું છે ને કે, સમસ્ત જગતને સીતા ને રામમય જાણીને બે હાથ જોડીને પ્રણામ કરું છું. એ વચનમાં એમની વ્યાપક વિશ્વરૂપ દૃષ્ટિની ઝાંખી થાય છે. ભક્તની દૃષ્ટિ એવી જ વિશાળ તથા વ્યાપક હોય છે. પરંતુ સગુણ ભક્તિ શરુઆતમાં તો ઈશ્વરના કોઇ એક સાકાર સ્વરૂપમાં પોતાના મનને એકાગ્ર કરે છે. ઈશ્વરનું સાકાર દર્શન કરવાની ઈચ્છા રાખે છે. ઝંખના કરે છે, ને એ માટે પ્રાર્થના, જપ કે આરાધના કરે છે. એનો સ્વભાવ જ એવો હોય છે કે ઈશ્વરના સાકાર સ્વરૂપનું દર્શન ના કરે ત્યાં સુધી એને શાંતિ નથી મળતી કે ચેન નથી પડતું. એ રીતના સાક્ષાત્કારની ભાવનાથી જ એ ભક્તિ કરે છે. એટલે છેવટે એને ઈશ્વરના સાકાર દર્શનનો આનંદ મળી રહે છે. એવી રીતે સગુણ તથા નિર્ગુણ ભક્તના પ્રારંભના સાક્ષાત્કાર સ્વરૂપમાં તત્ત્વનો ફેર પડે છે. એ ફેર મૂળભૂત છેવટનો નથી. પરંતુ શરુઆતનો છે એ ખાસ યાદ રાખવાનું છે.

પ્રશ્ન : આત્મનિવેદન ભક્તિ કોને કહે છે?

ઉત્તરઃ આત્મનિવેદન ભક્તિ નવધા ભક્તિમાં છેલ્લી છે. નવધા ભક્તિના મધુમય મંદિરનો એ ઘુમ્મટ છે એમ કહીએ તો ચાલે. એને પ્રેમલક્ષણા ભક્તિ પણ કહેવામાં આવે છે. રાગાત્મિકા ભક્તિ પણ એ જ છે. બીજી બધી ભક્તિનું એ હૃદય છે. જ્યારે ભક્તિમાર્ગમાં જુદા જુદાં સાધનોનો આધાર લેવાને પરિણામે, મન સંસારના સમસ્ત વિષયો અને રસોમાંથી ઉપરામ બની જાય છે. કોઈપણ બાહ્ય વિષયની મમતા અથવા તો આસક્તિ તથા રસવૃત્તિ નથી રહેતી, ત્યારે પરમાત્માનો સાચો પ્રેમ પ્રગટ થાય છે. સાગરમાં જેવી રીતે અગણિત તરંગો ઉછાળા મારે છે, તેવી રીતે ભક્તના હૃદયમાં અને રોમેરોમમાં,

પરમાત્માને માટેનો પવિત્ર ને પાર વિનાનો પ્રેમ રાતદિવસ ઉછાળા મારે છે. પછી પરમાત્માની પ્રાપ્તિ સિવાયનો બીજો કોઇ રસ એના જીવનમાં નથી રહેતો. પરમાત્મા એના જીવનમાં એકમાત્ર આરાધ્ય દેવતા બની રહે છે, એ પરમાત્માના દર્શનને માટે એ બનતી બધી જ કોશિશ કરે છે અને પરમાત્માના દર્શન સિવાય એને શાંતિ પણ નથી મળતી. જેવી રીતે લોભી ધનને તલસે, કામી પોતાના પ્રેમપાત્રની ને તેની દ્વારા કામની સંતૃપ્તિની ઈચ્છા કરે, ક્ષુધાતુર માણસ અનાજની ને તૃષાતુર હોય તે જેટલી ઉત્કટતાથી જળની ઝંખના કરે, તેથી પણ વધારે ઝંખના, આતુરતા, ઈચ્છા તલસાટ, કે લગનથી પરમાત્માના સાક્ષાત્કારને માટે અધીરો બને છે. એનું નામ આત્મનિવેદન ભક્તિ છે. ભક્તિનો એ અર્ક છે એમ કહીએ તો ચાલે.

પ્રશ્ન : આત્મનિવેદન ભક્તિનો જેનામાં ઉદય થાય છે તેવા ભક્તનાં લક્ષણો કેવાં હોય છે?

ઉત્તરઃ એ પ્રશ્નનો ઉત્તર અત્યાર સુધીની ચર્ચામાં આવી જાય છે. છતાં પણ, એના અનુસંધાનમાં, એના પૂરક ઉત્તરરૂપે, કહી શકાય કે જેના જીવનમાં એવી ભક્તિનો ઉદય થાય છે તેની અવસ્થા અલૌકિક બની જાય છે. પરમાત્માના દર્શન માટે તે રડે છે. નિરંતર પ્રાર્થના કરે છે, અને પરમાત્માના ગુણાનુવાદ ગાઇને આનંદ મેળવે છે. તેનું સમસ્ત જીવન પરમાત્મામય બની જાય છે. ભક્તનાં એ લક્ષણો મોટે ભાગે આંતરિક છે. અને બહાર જે દેખાય છે તે તો તેના પડઘા જ હોય છે. એ લક્ષણો એના પ્રાણમાં પ્રકટ થયેલા તેમજ નિત્ય નિરંતર વધતા જતા પરમ પ્રેમને કેન્દ્રમાં રાખીને આપોઆપ, અથવા તો સ્વાભાવિક રીતે જ વધતાં જતાં હોય છે.

વાસનાનાં વમળ

—સાધુ અક્ષરજીવનદાસ

અષાઢી સંવત ૧૮૫૫ની સાલ છે. વૈશાખ પૂરો થવામાં છે. ગિરનાર ઉપરથી વાદળાંની વણઝાર વહેવા લાગી છે. મેઘરાજાને વધાવવા જાણે સોરઠની ધરતી રમણે ચઢી છે. ક્યાંક ક્યાંક વાડીઓમાં ચાલતા કૂવા—કોસના કિચુડુડુ...કીક્ ઊ...કીક્ ઊ...ના ધ્વનિ કર્ણમધુર લાગે છે.

એવી જ એક વાડીએ બે સંન્યાસીઓ પેદલ ચાલતાં વિસામો લેવા રોકાયા. લીમડાની શીતળ છાયા જોઈ બન્નેનાં મન હરખી ઊઠ્યાં. કાલું—ઘેલું ગણગણતો, બળદને શિખામણના બોલ સંભળાવતો કણબી પટેલ નવા આગંતુક સાધુઓને ભાળી દોડ્યો. સંન્યાસીઓનાં ચરણમાં મસ્તક ઝુકાવી 'જે નારાયણ' કીધા. અતિથિને મીઠો આવકાર દીધો. લીમડાની વેદિકા પર ઝટપટ ગોદડું પાથરી દીધું. સંન્યાસીઓએ પાણીથી પગ પખાળ્યા. હાથ—મોં ધોયાં.

બપોર થઈ ગઈ હતી. પટેલે કોસ બંધ કર્યો. બળદને રજકો નાખી, હાથ—પગ ધોઈ સંન્યાસી પાસે આવીને બેસી ગયો.

આગંતુક આ સાધુઓમાં એક વૃદ્ધ હતા એક યુવાન. વૃદ્ધની જટા, દાઢીમૂછ સફેદ રૂની પૂણી જેવાં થઈ ગયાં હતાં. આંખની ભમરે પણ પળિયાં આવી ગયાં હતાં. પટેલ એમના પગ દબાવવા લાગ્યા ને વૃત્તાંત પૂછવા લાગ્યા.

સાથેના યુવાન સાધુએ કહ્યું : 'મારું નામ શીતળદાસ છે, આ મારા ગુરુ જાનકીદાસ છે, અમે ઉત્તર હિંદુસ્તાનથી દ્વારકાની જાતરા કરવા નીકળ્યા છીએ.'

પટેલ કહે : 'ઠેઠ, ઉત્તર છેડેથી નીકળ્યા છો! સારી શ્રદ્ધા કહેવાય. દ્વારકા તો જશો પણ વચ્ચે લોજ ગામ થતા જજો. ત્યાં રામાનંદ સ્વામી મારા ગુરુ છે, એમનાં દર્શનથી મનખો સુધરી જશે, ફેરો સફળ થશે.'

પટેલે કહેલું યુવાન સાધુએ હૃદયમાં નોંધી લીધું.

જમવાનું ટાણું થઈ ગયું હતું. ઘરેથી આવેલું ભાથું પટેલે તાણ કરી કરી સંન્યાસીઓને જમાડ્યું. થોડો વિસામો લઈ ગુરુ—શિષ્યે લોજની વાટ લીધી.

શિષ્યે વિચાર્યું કે વધારાનો સામાન લોજના આશ્રમમાં મૂકી દેવો. આ અંગે ગુરુને પૂછતાં થોડી રકઝક પણ થઈ. ગુરુ પોતાનું પોટલું આંખથી અળગું થવા દેતા નહીં.

થોડા દિવસ બાદ બન્ને લોજ પહોંચ્યા. શીતલદાસે આશ્રમમાં પગ મૂકતાં અનહદ શાંતિ અનુભવી. અહીં રામાનંદ સ્વામી તેને મળ્યા. એનું અંતર રામાનંદ સ્વામીનાં દર્શનથી ઠરી ગયું!

આશ્રમ છોડીને આગળ જવાનું તેને મન થતું નહોતું. ગુરુને ઝટ દ્વારકા પહોંચવાની ઉતાવળ હતી. એટલે ત્રીજે દિવસે નીકળ્યા. નીકળતાં પહેલાં શીતલદાસે એક પોથી ને પોટલું આશ્રમમાં મુકાવ્યાં. પાછા વળતાં લઈ લેશે એવા કરાર સાથે સામાન આશ્રમના કોઠારમાં સુરક્ષિત રહ્યો.

ઠેઠ ઉત્તરપ્રદેશથી યાત્રા કરતાં કરતાં ગુરુ—શિષ્ય અહીં પહોંચેલા. ગુરુની વૃદ્ધ વય હવે ધીરે ધીરે કથળવા લાગી હતી. ખૂબ ધીમું ચાલતાં ગુરુ એકવાર તો ફસકીને બેસી પડ્યા. શિષ્યે નજીકના ગામ સુધી મહા પરાણે પહોંચાડ્યા. ધર્મશાળામાં ઉતારો કર્યો.

ગુરુ ખાટલે પડ્યા તે પડ્યા, એમને કોઈ જીવલેણ રોગ લાગુ પડી ગયો. શીતલદાસે ગામમાંથી વૈદ્ય—હકીમોને તેડાવી

તપાસ કરાવી. દવા ચાલુ થઈ, પણ રોગ દવાને ગણકારતો નથી. આમ ને આમ સવા વરસ સુધી એ બીમાર રહ્યા. શરીર હાડકાનો માળો બની ગયું હતું. ગામ લોકો જાણતા હતા કે માંદગીનો માર વસમો છે. સૌએ શિષ્યને ધરપત દીધી. એક રાત્રે ગુરુએ છેલ્લો શ્વાસ લીધો.

ગુરુની અંતિમ ક્રિયા કરીને, મસાણનાં ફૂલ વીણી, પોટલી બાંધી, શીતળદાસ દ્વારકા પહોંચ્યો, ગોમતીમાં ગુરુનાં અસ્થિ પધરાવ્યાં. ગુરુ વતી દેવદર્શન ને સ્નાન—ધ્યાન કર્યાં.

શીતલદાસ હવે નિરાંતે બીજાં યાત્રા—સ્થાનોમાં ગયો. પાછો વળ્યો ત્યારે બે વરસ વીતી ગયાં હતાં.

લોજ રામાનંદ સ્વામીના આશ્રમે આવ્યો. પૂછપરછ કરતાં જાણવા મળ્યું કે રામાનંદ સ્વામી તો દેવ થઈ ગયા છે. આથી શીતલદાસને ખૂબ આઘાત લાગ્યો. એની આંખો ભીની થઈ ગઈ. મુક્તાનંદ સ્વામીએ સાંત્વન આપ્યું. વાતવાતમાં તેમણે મહારાજનો મહિમા શીતળદાસને સમજાવ્યો, ને કહ્યું : 'ગુરુના સ્થાને ગુરુએ પોતે જ નાનકડા નારાયણમુનિ સહજાનંદ સ્વામીને સ્થાપિત કર્યા છે. સૌને સમાધિ કરાવે છે. ભગવાનના અલૌકિક સુખનો સાક્ષાત્કાર કરાવે છે...' આ બધી વાતમાં શીતલદાસને રસ પડ્યો.

સાંજે સહજાનંદ સ્વામી મળ્યા. પ્રથમ દર્શને જ તેને દિવ્ય સુખની અભૂતપૂર્વ અનુભૂતિ થઈ. શીતલદાસે શ્રીહરિનાં ચરણોમાં મસ્તક મૂકીને ગુરુના અવસાનની વાત કરી આંસુ સાર્યાં. મહારાજે તેને સાંત્વન આપ્યું ને સાંખ્યની વાતો કરી પછી કહ્યું : 'શીતલદાસ! આ મૃત્યુલોક છે. તેમાં જે જન્મે છે તે નક્કી મરે છે. વળી, સરી જાય છે તે જ સંસાર છે. માણસને હાથમાં કંઈ સ્થિર રહેતું નથી. બાળપણું ને યુવાની પણ સરી જાય છે, જોતજોતામાં જીવન આંખુ સરી જાય છે. હાથ કમાણી પણ સરી

જાય છે. ધનવાન ગરીબ થઈ જાય છે... આમ, બધું સરતું રહે છે. એટલે જ સંસારને અસાર કહ્યો છે...'

શીતલદાસે કહ્યું : પ્રભુ! મારા ગુરુ ક્યા લોકમાં ગયા હશે!

'તારા ગુરુ કોઈ લોકમાં ગયા નથી, તેની અવગતિ થઈ છે.'

'અરરર! એ તો મહાધ્યાની, પવિત્ર આત્મા હતા. તેની અવગતિ સંભવે જ નહિ.'

'તારા ગુરુને ધનમાં વાસના રહી ગઈ તેથી જીવ છૂટતાં ધનમાં વળગ્યો.'

'પ્રભુ! એમની પાસે તો કંઈ ધન નહોતું. અમે રામજીના ભરોસે જાતરા કરતા હતા. કશું રાખતા નહિ.'

મહારાજ કહે : 'તમે તપાસો, તમારા સામાનમાં ક્યાંક ધન રહી ગયું હશે.'

શીતલદાસે આશ્રમના કોઠારમાં મુકાવેલો સામાન ફંફોસ્યો. તેમાં કંઈ ન નીકળ્યું.

શ્રીજીમહારાજ પાસે બધું રજૂ કર્યું. મહારાજ કહે, 'આ પોથી જુઓ તો એમાં કંઈક હશે.'

પોથી ખોલતાં એમાંથી એક નાની દાબડી નીકળી. તેનું ઢાંકણું ખોલ્યું તો તેમાં અડધો રૂપિયો મૂકેલો ને તેની ફરતે એક નાનકડો સાપનો કણો વીંટળાઈને બેઠો હતો! શીતલદાસને શ્રીજીમહારાજની અંતર્યામી શક્તિનો ખ્યાલ ક્યારનો આવી ગયો હતો. એ તો દાબડી બંધ કરીને શ્રીજીમહારાજનાં ચરણો પકડી કહેવા લાગ્યો : 'પ્રભુ! આપ મારા ગુરુને સદ્‌ગતિ આપો... નહિતર બીચારાનું શું થશે!'

મહારાજે કહ્યું : 'તારા ગુરુને બદરિકાશ્રમમાં તપ કરવા મોકલી દઈએ છીએ.' એમ કહી પાણી મંગાવી અંજલિ છાંટી, કે તરત એ કણો બે ક્ષણ તરફડતો શાંત થઈ ગયો...

શીતલદાસને ગુરુની વાસના વિષે જાણવાની તીવ્ર ઈચ્છા થઈ. તેણે કહ્યું : 'પ્રભુ! સામાન્ય જીવને તો વાસના વળગી હોય તે અવગતિને પામે પણ જેણે સંસાર છોડ્યો છે, સ્ત્રી–ધનનો ત્યાગ કર્યો છે, બીજાને ઉપદેશ આપે છે, ભગવાનમાં દૃઢ આસ્થા છે, એવા મહા વિરક્ત દશાવાળા મારા ગુરુને એક આઠ આની રાખી તેમાં સાપ થવું પડ્યું તે તો મહા આશ્ચર્ય ગણાય!'

મહારાજ કહે : 'ઝેર તો લોટો ભરીને પીઓ કે ટીપું જ લો–એનાથી મૃત્યુ નિશ્ચિત છે. તેમ ત્યાગીને કોડી જેટલું દ્રવ્ય પણ જન્મ લેવડાવે છે!'

પછી, મહારાજે તાળી વગાડી સૌને સાવધાન કરતાં કહ્યું : 'સાંભળો સંતો! શરીરથી સંસાર છોડ્યો પણ અંતરમાં તેની વાસના હશે તો જન્મ લેવા પડશે. ધન અને સ્ત્રીમાં સંસાર રહેલો છે. ત્યાગીનો ભેખ લીધા પછી કોડી જેટલું પણ જો દ્રવ્ય એ રાખતો હોય ને ભગવાનની કથા કરતો હોય તો એની કથા સાંભળનાર શ્રોતા નરકે જાય...'

મહારાજે કરેલી આ વાત શીતલદાસ માટે નવી હતી. એણે કહ્યું : 'અરર! મહારાજ! આમાં શ્રોતાનો શો વાંક!'

'વાંક એટલો કે એણે સાધુની પરખ ન કરી. સાચો સાધુ તો ધન–સુવર્ણને મળ તુલ્ય ગણે. નારીને નાગણી ગણીને ત્યજે છે. જે ધન ને સ્ત્રીમાં લપટાયો છે, તેને સાધુ હોવા છતાં સાધુ ન ગણવો. અરે, એ અમારો આશ્રિત જ નથી...'

ઉત્તર હિંદુસ્તાની શીતળાદાસને આજે ત્યાગી–વૈરાગીની વ્યાખ્યા નવી જ સાંભળવા મળી. તેની આંખ ખૂલી ગઈ. એને હજુ વધુ જાણવું હતું. મહારાજને તેણે પૂછ્યું : 'પ્રભુ! જેને અજ્ઞાન છે ને ભેખ લીધો છે તેની વાસના ભગવાન માફ કરે કે ન કરે!'

મહારાજે કહ્યું : 'સંસાર છોડી ત્યાગી થયો તેણે બ્રહ્મજ્ઞાની, ભગવાનના સાક્ષાત્કાર બોધે યુક્ત સંત પાસે જવું પડે. તેની સેવા–શુશ્રૂષા કરવી પડે. એના સમાગમથી ભગવાનનું સ્વરૂપ ઓળખાય છે. સત્ય–અસત્યનો વિવેક સમજાય છે. પછી જ એને સાચો જ્ઞાન યુક્ત વૈરાગ્ય પ્રગટે છે.'

પછી શ્રીજીમહારાજે એક સનાતન સત્ય ઉચ્ચારતાં કહ્યું : 'જેણે સંસાર ત્યાગ્યો છે તેને તો ભગવાન સિવાય બીજામાં મનની વૃત્તિ જાય જ નહીં. ધન અને સ્ત્રી બન્ને મહા બંધનકારી છે. અરે, તૂટેલી તૂમડી ને ફાટેલી લંગોટી પણ બંધનનું કારણ બને છે. જેમ ચોર ચોરી કરે છે તે નાની કરી કે મોટી–રાજાનો ગુનેગાર ઠરે છે. તેમ જિંદગીભર ત્યાગીનો ભેખ ધાર્યો હોય પરંતુ ધન સ્ત્રી–સંસારની વાસના થોડી રહી તો તે પણ પ્રભુનો ચોર ઠરે છે.'

આ સાંભળી હરિભક્તોએ હાથ જોડી કહ્યું : 'પ્રભુ! અમારે તો સંસારનું મોટું વળગણ છે. નાની સરખી વાસના પણ ત્યાગીપુરુષને બંધન કરે ને અક્ષરધામ છેટું રહે તો અમારું શું થશે?'

મહારાજે મંદ મંદ હસતાં કહ્યું : 'વાસનાનાં વમળ તો ભયંકર છે પરંતુ વાસુદેવમાહાત્મ્યમાં કહ્યું છે તે મુજબ ધર્મ, જ્ઞાન, વૈરાગ્ય અને ભક્તિએ યુક્ત ભગવાનના એકાંતિક સાધુનો સંગ જ્યારે કરે છે ત્યારે તેની સંસારની વાસના ટળે છે, ને ભગવાનની વાસના થાય છે. જેમ જેમ સત્પુરુષનો પ્રસંગ દૃઢ થતો જાય, તેમ તેમ તેનાં પૂર્વ જન્મનાં કર્મ નાશ પામતાં જાય છે...'

શીતલદાસને વ્યાસકથિત સાચા ત્યાગી–સંન્યાસીની ઓળખ શ્રીહરિએ કરાવી. એ તો મહારાજની મરમાળી મૂર્તિને અંતરમાં ઉતારતો જ રહ્યો. એની મંશા હતી કે અહીં સાધુ થઈ જવું પરંતુ મહારાજે તેને પોતાના આશ્રમમાં પાછો મોકલ્યો.